RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 163* Date: 11.04.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાજ્યમાં પોઝિટિવ કેસોનો આંક ૩૨૦ને પાર,સૌથી વધુ અમદાવાદમાં ૧૫૩

# કોરોનાના કેસો વધશે,લોકો ચિંતામુક્ત રહે: સરકાર

*ગાંધીનગર,તા.૧૦*

ગુજરાતમાં કોરોના મહામારીના આજે નવા ૪૬ પોઝીટીવ કેસો જાહેર થયા છે. તે સાથે કુલ કેસોની સંખ્યા ૩૦૦ને પાર એટલે કે ૩૦૮ પર પહોંચી ગઇ છે. વધતા જતાં કેસો પ્રત્યે આજે સરકાર તરફથી કોઇ ચિંતા વ્યક્ત કરવાને બદલે એવું કહેવામાં આવ્યું કે જ્યાં કેસો નોંધાયા છે તે હોટસ્પોટ વિસ્તારમાં ટેસ્ટીંગ અને સર્વેલન્સની કામગીરી ઘેર ઘેર પહોંચતા કેસો વધ્યા છે. અને હજુ કેસો વધશે એમ કહીને સરકારે વધતા કેસોની ચિંતા નહીં કરવાની અપીલ કરીને લોકોને લોકડાઉનનું પાલન કરવાની તાકીદ કરી હતી. ૪૬ નવા કેસોમાં અમદાવાદમાં ૧૧ સાથે એકલા અમદાવાદમાં જ પોઝીટીવ કેસોની સંખ્યા ૧૫૩ પર પહોંચી ગઇ છે. ૩૨૦ કેસોમાંથી ૨૪૩ કેસો લોકસ સંક્રમણથી ફેલાયા છે. ૩૨૦માંથી ૨૫૯ કેસો એકટીવ છે. બે કેસ ક્રીટીકલ છે. અને અત્યાર સુધીમાં કુલ ૧૯ના મોત થયા છે. સરકારે આજે મિડિયા બ્રિફિંગના માધ્યમથી પ્રજાને એ કહેંવાનો પ્રયાસ કર્યો હતો કે વધતા કેસો ચિંતાજનક નથી અને કેસો વધતા સરકારને પણ તેની કોઇ નવાઇ નથી. કેમકે સર્વેલન્સ કામગીરીમાં વધુવે વધુ કેસો બહાર આવે તે સ્વાભાવિક છે.



ગુજરાતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઇરસના કેસો વગેરે.ની માહિતી આપવા માટે નિયુક્ત કરાયેલા આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ આજે શુક્રવારે જણાવ્યું હતું કે, હોટસ્પોટ વિસ્તારોમાં ઘરે-ઘરે જઇને ચકાસણી અને ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યાં હોવાથી પોઝિટિવ કેસોમાં વધારો થઇ રહ્યો છે. રાજ્યમાં ગઇકાલ સાંજથી અત્યારસુધીમાં ૪૬ નવા કેસ નોંધાયા છે અને ૨ના મૃત્યુ થયા છે જયારે ૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. રાજ્યમાં કુલ પોઝિટિવ કેસ ૩૨૦ થયા છે અને કુલ મૃત્યાંક ૧૯ થયો છે. રાજ્યમાં દર્દીઓની સંખ્યા હજુ વધશે. ગઇકાલ સાંજથી અત્યારસુધીમાં અમદાવાદમાં નવા ૧૧ કેસ, વડોદરામાં ૧૭, રાજકોટમાં ૫, ભરૂચમાં ૪, ભાવનગરમાં ૪, પાટણમાં ૨, કચ્છમાં ૨ અને ગાંધીનગરમાં એક નવો કેસ નોંધાયો છે. અમદાવાદમા આરોગ્ય વિભાગના એક ડૉક્ટરનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હોવાનું આરોગ્ય અગ્ર સચિવે જણાવ્યું હતું.

તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કેછેલ્લાં ૩ દિવસમાં અમદાવાદ સહિતના હોટસ્પોટ વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી દ્વારા રોજના ૧૦૦૦ ટેસ્ટીંગનું આયોજન છે. હાલમાં ૯૭૮ ટેસ્ટીંગ થયા તેમાંથી ૬૩૫ નેગેટીવ અને બાકીના ૬૭ પોઝીટીવ આવ્યાં છે. ૨૭૬ના રિપોર્ટ પડતર છે. ૩૦૮ કેસોમાં ૨૪૩ કેસોમાં લોકોને સ્થાનિક સંક્રમણથી કોરોનાનો રોગ લાગ્યો છે. હાલમાં હોટસ્પોટ સહિતના વિસ્તારો મર્યાદિત છે. પરંતુ જેમ જેમ કેસો બહાર આવશે તેમ તેમ વિસ્તારો વધી શકે. હોટસ્પોટ વિસ્તારોની સાથે હવે તેની બહારના વિસ્તારોને પણ ટેસ્ટીંગ માટે આવરી લેવાથી શક્ય છે કે કેસોની સંખ્યા વધી શકે. અને સરકારને કેસો વધે તેની ચિંતા એટલા માટે નથી કેમ કે જેમ જેમ પોઝીટીવ કેસો બહાર આવે તેમ તેમ તરત જ તેની સાથેનાની માહિતી મેળવીને બીજાને ચેપ ના લાગે તેના પગલા લેવામાં સરકારને સરળતા થઇ રહી છે..

તેમણે એમ પણ કહ્યું કે સર્વેલન્સની કામગીરીમાં અન્ય તબીબોની સહાય માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઇન્ડિયન મેડિકલ એસો.ના ગુજરાતના પદાધિકારીઓ સાથે વાત કરીને સહયોગ માંગ્યો છે. તેથી ટેસ્ટીંગ અને સર્વેલન્સની કામગીરીમાં ઝડપ આવશે.

દરમ્યાનમાં, અમદાવાદમાં ગુરુવારે એક જ દિવસમાં કોરોનાના ૫૮ પોઝિટિવ કેસ નોંધાયા હતા. ખાસ કરીને દાણીલીમડાનો સફી મંજિલ વિસ્તાર કોરોનાનું એપી સેન્ટર રહ્યું હતું. અહીં એક વ્યક્તિનો ચેપ ૩૦ને લાગ્યો હતો. ગુરુવારે નોંધાયેલા તમામ કેસ લોકલ ટ્રાન્સમિશનના છે. ૫૮ કેસમાંથી ૩૦ કેસ સફી મંજિલ વિસ્તારના છે. અગાઉ અહીં એક પોઝિટિવ કેસ મળતા સમગ્ર વિસ્તારને ક્લસ્ટર ક્વોરન્ટાઈન કરાયો હતો. તે પછી અહીં નાની નાની ચાલીઓમાં રહેતા ૧૨૮ લોકોના સેમ્પલ લેવાયા હતા.વડોદરામાં નાગરવાડાના સૈયદપુરાના જ એક દિવસમાં ૨૧-૨૧ પોઝિટિવ રિપોર્ટ જાહેર થયાં છે. જ્યારે એક ખાટકીવાડાનો એમ કુલ મળીને ૨૨ કોરોના પોઝિટિવ એક જ દિવસમાં વધતાં તંત્રની ચિંતા વધી છે. બીજી તરફ નાગરવાડા અને તાંદળજામાં પણ પોલીસે બંદોબસ્ત રાખીને ક્લસ્ટર ક્વોરન્ટાઇન્ડ વિસ્તારોને અલગ રાખવામાં આવ્યાં છે.

### દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૬૪૦૦ને પાર,મૃત્યુઆંક ૧૯૯

## કોરોના: ૨૪ કલાકમાં ૪૨નાં લોકોનાં મોત, ૮૦૯ નવા કેસ

ન્યુ દિલ્હી,તા.૧૦

ભારતમાં કોરોના વાયરસના સંક્રમણના કેસમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે. ગુરૂવારના રોજ દેશભરમાંથી કોરોનાના ૭૮૧ કેસ નોંધાયા છે. ભારતમાં એક જ દિવસમાં કોરોના સંક્રમણના આટલા વધારે કેસ પહેલી વખત જ નોંધાયા છે. આ અગાઉ બુધવારના રોજ ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૫૯૮ કેસ નોંધાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા નવા કેસનો આંકડો આના કરતા ૩૦ ટકા વધારે છે.

સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં જ દેશમાં કોરોના વાયરસના કેસમાં કુલ ૫૪૭ કેસ નવા નોંધાયા હતા. આ સાથે જ દેશમાં શુક્રવારે સવાર સવાર સુધીમાં કોરોના વાયરસના કેસ વધીને ૬૪૧૨ થઈ ગયા છે. જોકે, આ ૬૪૧૨ કેસમાં ૫૦૪ લોકો એવા પણ છે કે જેઓ આ જીવલેણ બીમારીમાંથી સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. પરંતુ આમાં ૧૯૯ કેસ એવા પણ છે કે જેઓ આ કોરોના વિરુદ્ધની જંગમાં લડતા-લડતા પોતાનો દમ તોડી ચૂક્યા છે.

દેશભરમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. જ્યાં અત્યારસુધીમાં ૧૩૬૪ લોકો આ વાયરસના કારણે સંક્રમિત મળી આવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડુમાં ૮૩૪ અને દિલ્હીમાં કોરોનાના ૭૨૦ કેસ નોંધાયા છે. આ ઉપરાંત રાજસ્થાનમાં ૪૬૩, તેલંગાણામાં ૪૪૨, ઉત્તર પ્રદેશમાં ૪૧૦, કેરળમાં ૩૫૭ અને આંધ્ર પ્રદેશમાં ૩૪૮ અને ગુજરાતમાં કોરોનાના ૩૦૮ કેસ નોંધાયા છે.

દેશમાં કોરોના વાયરસના કારણે દેશભરમાં અત્યાર સુધી કુલ ૧૯૯ લોકો કાળનો કોળિયો બની ગયા છે. મહારાષ્ટ્રમાં જ સૌથી વધારે ૯૭ લોકો મોતને ભેટી ચૂક્યા છે. મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં ૧૯ અને મધ્યપ્રદેશમાં ૧૬ અને દિલ્હીમાં ૧૨ લોકોના મોત નિપજ્યા છે.

દેશભરમાં કોરોના વાયરસથી સ્વસ્થ્ય થનારા લોકોની કુલ સંખ્યા ૫૦૪ છે. મહારાષ્ટ્રમાં જ સૌથી વધારે ૧૨૫ લોકો સ્વસ્થ્ય થઈને પોતાના ઘરે પહોંચી ગયા છે. ત્યારબાદ કેરળમાં ૯૬, તેલંગાણામાં ૩૫, ઉત્તર પ્રદેશમાં ૩૧, ગુજરાતમાં ૩૦, હરિયાણામાં ૨૯ અને કર્ણાટકમાં ૨૮ લોકો સ્વસ્થ્ય થઈને પોતાના ઘરે પહોંચી ગયા છે.

### વડાપ્રધાન આજે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વિડિયો બેઠક યોજી અભિપ્રાય લેશે

# લૉકડાઉન વધશે કે હટશે: આજે અંતિમ નિર્ણય

*ન્યુ દિલ્હી,તા.૧૦*

વૈશ્વિક મહામારી કોરોના વાઇરસને મ્હાત કરવા સમગ્ર ભારત ૨૪ માર્ચની મધરાતથી ૧૪ એપ્રિલ સુધીના ૨૧ દિવસના લોકડાઉનમાં મૂકાઇ ગયું છે ત્યારે આ ૨૧ દિવસ પૂરા થવા આવી રહ્યાં છે તેવા સમયે લોકડાઉનને લંબાવાશે કે લોકડાઉન દૂર કરાશે કે પછી આંશિક છૂટછાટ અપાશે કે કેમ તેની સ્પષ્ટતા આવતીકાલ ૧૧ એપ્રિલના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથેની વિડિયો કોન્ફરન્સ બેઠક યોજીને કરશે. જો કે વડાપ્રધાને અગાઉ એવી લાગણી વ્યક્ત કરી જ દીધી છે કે વર્તમાન સ્થિતને જોતાં લોકડાઉન વધારવુ જરૂરી છે. તેથી એમ મનાય છે કે ૧૧મીએ લોકડાઉનમાં વધારો થઇ શકે. બીજી તરફ ભાજપની નજીક મનાતા બીજેડી પક્ષની ઓરિસ્સા



સરકારે કેન્દ્રની રાહ જોયા વગર જ ૩૦ એપ્રિલ સુધી લોકડાઉનની મર્યાદા વધારી દીધી છે. દેખીતી રીતે બીજા રાજ્યો પણ તેને અનુસરે તો નવાઇ નહીં.

સૂત્રોએ જણાવ્યું કે વડાપ્રધાન મોદીએ તાજેતરમાં જ વિવિધ પક્ષોના નેતાઓ સાથેની વિડિયો બેઠકમાં તેમના અભિપ્રાયો લોકડાઉન વધારવા સંદર્ભે માંગ્યા હતા. આ બેઠકમાં વડાપ્રધાને એવો ઇશારો પણ કર્યો હતો કે લોકડાઉનમાં વધારો કરવાની જરૂર છે. અને તેઓ ૧૧મીએ દરેક રાજ્યોના સીએમ સાથે વાત કરીને આખરી નિર્ણય લેશે. આમ તેઓ આવતીકાલ શનિવાર ૧૧મીએ દરેક રાજ્યોના સીએમ સાથે યોજાનારી બેઠકમાં લોકડાઉન વધારવા અંગેની કોઇ જાહેરાત કરી શકે.

સૂત્રોએ એમ પણ કહ્યું કે ૧૪મીએ એકસાથે લોકડાઉન ઉઠી જશે એમ માની લેવાની જરૂર નથી. નિષ્ણાતોનું માનવુ છે કે એક સાથે લોકડાઉન ઉઠાવી લેવાથી ટ્રનો-બસો વગેરે.માં ફરીથી ભીડભાડ થઇ જશે અને સોશ્યલ ડિસ્ટીંગ નિયમનું કોઇ પાલન નહીં થાય તો મહામારી વધી શકે અને ૨૧ દિવસના લોકડાઉનનો પણ કોઇ અર્થ રહેશે નહીં. તેથી સ્થાનિક સ્થિતિ પ્રમાણે લોકડાઉન વધારવા અંગેનો નિર્ણય લઇ શકાશે. નિષ્ણાતો આમ તો ૭૩ દિવસ સુધી લોકડાઉન રાખવાની ભલામણ કરે છે. જેથી સમગ્ર સ્થિતિ સામાન્ય થઇ સકે. કોરોનાનો વાઇરસ ભારતમાંથી કે અન્ય દેશોમાંથી તત્કાળ દૂર થઇ જશે એમ માની લેવાની પણ જરૂર નથી એમ કહીને સૂત્રો કહે છે કે જેમ એચ-૧એન-૧ એટલે કે સ્વાઇન ફ્લ્યુનો રોગ હાલમાં પણ જોવા મળે છે. તેમ આવનારા સમયમાં પણ કોરોનાના કેસો જોવા મળી શકે છે. આ રોગને સંપૂર્ણ નાબૂદ થતાં વર્ષો લાગશે. તેથી લોકોએ અન્ય રોગોની જેમ તેનાથી પણ ટેવાવુ પડશે.

સૂત્રોએ કહ્યું કે વડાપ્રધાને સર્વપક્ષિય બેઠકમાં કોરોનાને કારણે નેશનલ ઇમરન્સી જેવા હાલાત સર્જાવાની શક્યતા દર્શાવી હતી. તેથી જો લોકો લોકડાઉનમાં સહયોગ નહીં આપે અને મહામારી વકરતી જશે તો દેશમાં મેડિકલ ઇમરજન્સી પણ ઘોષિત થઇ શકે છે. જેમાં લોકોને બચાવવા તમામ ખાનગી હોશ્પિટલો સરકારને પોતાને હસ્તગત કરે તેવી સત્તા મળે છે.

### ફિક્કીએ ક્યારે અને કેવી રીતે લોકડાઉન ખોલવું તેના સૂચનો કર્યા

## મજૂરોને ૧૫ એપ્રિલથી કામ પર બોલાવવા જોઈએ: ફિક્કી

ન્યુ દિલ્હી,તા.૧૦

દેશમાં હાલ પણ કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. જેના કારણ સૌ કોઈના મનમાં હાલ એક જ સવાલ છે કે કોરોનાના કારણે દેશમાં ક્યા સુધી લોકડાઉન ચાલું રહેશે? ૨૧ દિવસના લોકડાઉનને સમાપ્ત થવામાં માત્ર ૪ દિવસ બાકી છે. ત્યારે હવે સરકાર લોકડાઉન ચાલુ રાખશે કે પછી હટાવશે તેને લઈ અટકળોનો માહોલ ગરમાયો છે.

ત્યારે હવે ફિક્કીએ સરકારથી ધીમે-ધીમે લોકડાઉન ખોલવાની અપીલ કરી છે. મીડિયા રિપોર્ટ મુજબ ફિક્કીએ કહ્યું કે આઈટી અને સ્કૂલોને હાલ બંધ રાખવા જોઈએ. રિપોર્ટ પ્રમાણે ફિક્કીએ કેન્દ્ર સરકારને અપીલ કરી કે દેશમાં ધીમે-ધીમે લોકડાઉનને ખોલવામાં આવે. મજૂરોને ૧૫ એપ્રિલથી કામ પર બોલાવવા જોઈએ. મજૂરોને કામ પર આવવા માટે પ્રેરિત કરવામાં આવે. કોરોના મુક્ત જિલ્લાઓથી લોકડાઉન હટાવવાની શરૂઆત કરવી જોઈએ. આ સાથે ફિક્કીએ રિટેલ સ્ટોર્સને આંશિક રીતે ખોલવાની ભલામણ પણ કરી. ઈ-કોમર્સ અને ઘરેલું ઉડાનોને પણ આંશિક રીતે મંજૂરી આપવાની અપીલ કરી.રિપોર્ટ પ્રમાણે ફિક્કીએ કહ્યું કે સામાન્ય માર્ગ પરિવહનને નિયમો સાથે મંજૂરી આપવામાં આવે. ફિક્કીએ રેલવેને આંશિક રીતે શરૂ કરવા માટે મહત્વનો પ્રસ્તાવ પણ આવ્યો. ફિક્કીએ કહ્યું કે આઈટી અને સ્કૂલોમાં લોકડાઉન ચાલુ રાખવામાં આવે. સાથે જ દેશના મોટા અને નાના હોટલ્સમાં પણ લોકડાઉન ચાલુ રહેવું જોઈએ. ઉપરાંત ફિક્કીએ સામાનની અવર-જવરને મંજૂરી આપવાની વાત કહી છે. આ સિવાય જરૂરી સામાનની સપ્લાઈ માટે સેનાની મદદ લેવા પણ સલાહ આપી. શરૂઆતમાં ૨૨થી ૩૯ વર્ષના સ્વસ્થ લોકો જ કામ કરે. વૃદ્ધ-બીમારોને સ્વસ્થ કર્મચારીઓથી દૂર રાખવામાં આવે એમ ફિક્કીએ જણાવ્યું.

## કોરોનાનો કહેર: અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૮૩ના મોત

વોશિંગ્ટન,તા.૧૦

વિશ્વભરમાં કોરોના વાઈરસને લીધે વિશ્વનો વિનાશ ચાલુ છે. આ વાઈરસથી સૌથી વધુ સંક્રમિત દેશ અમેરિકા છે. યુ.એસમાં વાયરસને કારણે ૧૬,૬૯૭ લોકોનાં મોત થયા છે.

અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧,૭૮૩ લોકોનાં મોત થયા છે. ૪ લાખ ૬૮ હજારથી વધુ લોકોને આ વાઈરસનો ચેપ લાગ્યો છે.આ સંક્રમણને કારણે અમેરિકન અર્થતંત્ર ખરાબ રીતે પ્રભાવિત થયું છે અને માત્ર ત્રણ અઠવાડિયામાં એક કરોડ ૬૦ લાખ લોકો બેકાર બની ગયા છે.

ન્યૂયોર્ક મહાનગર વિસ્તારમાં ૯,૦૦૦ થી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે અને ૨,૨૦,૦૦૦ થી વધુ કેસ નોંધાયા છે. વૈશ્વિક સ્તરે, કોરોના વાઈરસના કારણે અત્યાર સુધીમાં ૧.૬ મિલિયનથી વધુ લોકોને ચેપ લાગ્યો છે અને લગભગ ૯૫,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે.અમેરિકામાં કોવિડ-૧૯ ચેપના લગભગ ૩૦ ટકા અને તેનાથી થતાં મૃત્યુના લગભગ ૧૭ ટકા છે. જેના પગલે લોકોને ઘરોમાં રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લગભગ તમામ ૫૦ રાજ્યોમાં મહામારી જાહેર કરી દીધી છે. વિશ્વની આર્થિક રાજધાની ગણાતા ન્યૂ યોર્ક સિટીમાં માત્ર એક જ દિવસમાં ૮૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. તેની સાથે શહેરમાં આ ચેપથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૭,૦૬૭ પર પહોંચી છે.

## ભારતમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશનનું જોખમ વધ્યુ: આઈસીએમઆર રિપોર્ટમાં ખુલાસો

ન્યુ દિલ્હી,તા.૧૦

ચીનથી દુનિયાભરમાં ફેલાયેલા કોરોના વાયરસની અસર હવે ભારતમાં ઝડપથી વધતી જોવા મળી રહી છે. ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૬૦૦૦ની ઉપર પહોંચી ગઈ છે, જ્યારે મોતનો આંક ૨૦૦ને પાર કરવાની તૈયારીમાં છે. આ બધાની વચ્ચે ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચ એ દેશને ભયાનક ખતરાનો સંકેત આપ્યો છે. છેલ્લા કેટલાક સપ્તાહમાં ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચ તરફથી દેશભરના અલગ-અલગ જિલ્લાઓથી લેવામાં આવેલા કોરોના વાયરસના નમૂનાઓ અને તેની કેસ હિસ્ટ્રીની જાણકારીમાં જે આંકડા સામે આવ્યા છે તેનાથી દેશમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો ઝડપથી વધી રહ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચએ થોડાક દિવસો પહેલા કહ્યું હતું કે ભારતમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો ખૂબ ઓછો છે.ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચની ટીમે ૧૫ ફેબ્રઆરીથી ૨ એપ્રિલ સુધીના કોવિડ- ૧૯થી સંક્રમિત ૫૯૧૧ દર્દીઓના નમૂનાઓની તપાસ કરી. તેમાંથી ૧૦૪ દર્દી કોરોના પોઝિટિવ સામે આવ્યા. આ તમામ દર્દી ૨૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૨ જિલ્લામાંથી હતા. તપાસમ) આ પોઝિટિવ કેસોમાંથી ૪૦ દર્દીઓએ ક્યારેય વિદેશ યાત્રા નથી કરી અને ન તો તેમનો સંબંધ ક્યારેય કોઈ વિદેશી પ્રવાસ સાથે રહ્યો.

૧૫ રાજ્યોના ૩૬ જિલ્લાઓમાં આવા દર્દીઓમાં કોરોનાનું સંક્રમણ જોવા મળ્યું જેમની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી.ગુજરાતમાં ૭૯૨ ગંભીર રીતે બીમાર લોકોની તપાસ કરવામાં આવી. તેમાંથી ૧૩ કેસ કોરોના પોઝિટિવ હતા. તમિલનાડુમાં ૫૭૭ દર્દીના નમૂનાઓની તપાસ કરવામાં આવી જેમાંથી ૫ દર્દીમાં કોવિડ-૧૯ સક્રિય હતો. મહારાષ્ટ્રમાં ૫૫૩ દર્દીઓમાંથી ૨૧માં કોરોના પોઝિટિવ હતા.

## તંત્રી સ્થાનેથી...

# અલાયદા રહો, સલામત રહો

દેશભરમાં કોરોના વાઈરસે કાળો કેર વર્તાવ્યો છે. આખા ભારતમાં સૌથી વધુ કેસ આપણા મહારાષ્ટ્રમાં છે અને એમાંય સૌથી વધારે અસર મુંબઈમાં છે. મહારાષ્ટ્રમાં અને મુંબઈમાં કોવિડ-૧૯ના સૌથી વધુ દર્દી કેમ એ સવાલના કેટલાક તાર્કિક જવાબ છે પણ ભવિષ્યમાં તકેદારી રાખવાની ખબર પડે એટલે વધુ અભ્યાસ હાથ ધરીને સાચા તારતમ્ય મેળવવા જોઈએ.ગુજરાતમાં પણ કોરોના વાઈરસને લીધે સ્થિતિ ગંભીર છે. એકલા આખા રાજ્યમાં સાડાનવ હજાર દર્દીઓને સારવાર મળી રહે એ માટે વ્યવસ્થા કરાઈ રહી છે. ૨૬ જિલ્લાની ૩૧ ખાનગી હૉસ્પિટલમાં આ વ્યવસ્થા કરાઈ એના પરથી કોરોના વાઈરસના સંક્રમણના ભય અને વહીવટતંત્રની ફિકર સમજાઈ જાય છે.ગુજરાતમાં આ ચેપી રોગની શરૂઆત ભલે અમદાવાદ, સુરત, રાજકોટ, ગાંધીનગર અને વડોદરાથી થઈ પણ હવે આ આતંક ભાવનગરમાં મોટે પાયે પહોંચી ગયો છે. ભાવનગરના ત્રણ વિસ્તારને હૉટસ્પૉટ અને પાંચ વિસ્તારને ક્લસ્ટર ક્વૉરન્ટાઈન જાહેર કરાયા એનાથી વધુ સ્થિતિની ગંભીરતાની નિશાની શું હોઈ શકે?મુંબઈની માફક અમદાવાદ પણ કોવિડ-૧૯નું હૉટસ્પૉટ બની ગયું છે. અડધોઅડધ શહેરને કોરોના બફર ઝોન જાહેર કરી દેવાયું છે એટલે કંઈ પણ થવાનો ફફડાટ સતત રહે એ સ્વાભાવિક છે. રાજકોટમાં ફરી એક પોઝિટિવ દર્દી મળી આવ્યો છે એ આ ચેપી રોગ આસાનીથી કેડો નહિ મૂકે એ વાતનો પુરાવો છે.સાબરકાંઠા જિલ્લાના હિમ્મતનગરમાં એક પોઝિટિવ કેસ મળી આવવા સાથે આઠેક વિસ્તારને ક્વૉરન્ટાઈન કરવા પડ્યા છે. મહારાષ્ટ્ર અને ગુજરાત પાડોશી છે. બન્ને વચ્ચે સામાજિક, વ્યાપારિક અને સાંસ્કૃતિક બંધન અતૂટ છે. લોકડાઉનમાં જરાક પણ રાહત મળી તો આ બંને રાજ્યના નાગરિકો એકબીજા રાજ્યમાં અવરજવર શરૂ કરી દેશે.આ બધી શક્યતાઓ અત્યંત ગંભીર છે. સરકાર એનાથી વાકેફ પણ છે. ડામી દેવાયા બાદ કોરોના વાઈરસ ફરી ઊથલો ન મારે એવી જડબેસલાક વ્યવસ્થા કરવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્ય પ્રધાનો ઉદ્ધવ ઠાકરે અને વિજય રૂપાણી આયોજન કરતા જ હશે.અત્યારથી લોકડાઉન લંબાવવાથી લઈને આંશિક રાહત આપવાની ચર્ચા છે. કદાચ મુંબઈ જેવા હૉટસ્પૉટ એરિયાને સીલ કરી દેવાય કે જેથી અંદરથી બહાર ન જઈ શકાય કે બહારથી કોઈ અંદર ન આવી શકે. સીલ કરાયેલ વિસ્તારમાં પણ અત્યંત મર્યાદિત કે નહિવત્ પ્રમાણમાં જ હરફરની છૂટ અપાય એવી વિચારણા આવકાર્ય હોવા સાથોસાથ અનિવાર્ય પણ છે.આ રોગચાળો ૫૦-૧૦૦ વર્ષે એક વખતે આવતી આફત છે. મોટાભાગના રાજનેતા અને અમલદારો પાસે આવા અનુભવનો અભાવ હોવાનો જ. આ સંકટ સમય સૌ માટે બોધપાઠ છે. આમાં કોઈ સરકાર, અમલદાર કે વહીવટતંત્ર શું કરે છે કે શું નથી કરી શકતા એ અલગ બાબત છે. ૧૩૦-૧૪૦ કરોડ પ્રજા માટે વ્યક્તિગત કંઈ કરવાનું ક્યારેય શક્ય ન બને. આપણા સૌથી મોટા રક્ષક અને ઉદ્ધારક પોતે છીએ. જેટલી સમજદારી અને સંયમ રાખીશું એટલો વધુ ફાયદો પોતાને જ થવાનો છે. અને માત્ર પોતે એકદમ સલામતપણે ઘરને ખૂણે બેસી રહેવાથી કંઈ નહિ થાય. ઘરના સ્વજનો, પાડોશીઓ અને મકાનવાળાનેય સમજાવવા પડશે. એકાદની ભૂલ બધાને સંકટની ઊંડી ખીણમાં ફંગોળી દઈ શકે.અત્યારે એક મંત્ર સર્વસ્વ છે. અલાયદા રહો, સલામત રહો, સ્વસ્થ રહો અને મસ્ત રહો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૧/૦૪/૨૦૨૦, શનિવાર, ચૈત્ર વદ-૩
સૂર્યોદય-૬-૩૨, સૂર્યાસ્ત-૭-૦૫, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ અનુરાધા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૮-૦૬થી શુભ-૯-૪૦ સુધી, ૧૨-૪૮થી ચલ-લાભ-અમૃત-૧૭-૩૦ સુધી, ૧૯-૦૪ થી લાભ-૨૦-૩૦ સુધી, ૨૧-૫૬ થી શુભ-અમૃત-ચલ-૨૬-૧૩ સુધી

- શુભ હોરા-
૭-૩૪ થી ૮-૩૭ સુધી, ૧૦-૪૨ થી ૧૩-૫૧ સુધી, ૧૪-૫૩ થી ૧૫-૫૬ સુધી, ૧૮-૦૨ થી ૨૦-૫૯ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૧-૦૪-૨૦૨૦ શનિવાર

**મેષ(અ.લ.ઈ.):-** સ્વાસ્થ્યમાં સુધારો થાય. નોકરીમાં પ્રમોશનના ચાન્સ. વેપારમાં નવુ મુડીરોકાણ ન કરવું.

**વૃષભ(બ.વ.ઉ.):-** ધાર્મિક યાત્રા પ્રવાસમાં સફળતા રહે. સંતાનોને નોકરી મેળવવામાં કોઇની મદદ મલવાની.

**મિથુન(ક.છ.ઘ.):-** આળસ વૃત્તિથી દૂર રહેજો નવું આયોજન સફળ થાય ભૌતિક સુખનો લગાવ વધવાનો.

**કર્ક(ડ.હ.):-** મુશ્કેલ લાગતુ કાર્ય આસાન થાય નિકટતા સાથીઓને સમજવાથી લાભ રહેવાનો.

**સિંહ(મ.ટ.):-** વ્યકિતત્વનો લાભ મલવાનો છે. માતુશ્રીનો સહકાર રહે. વિજાતીય આકર્ષણ વધવાનું નોકરીમાં ચીવટ જરૂરી.

**કન્યા(પ.ઠ.ણ.):-** જુના કર્જને લઇને ટેન્શન રહેવાનું આત્મવિશ્વાસ વધારવો - ઉધારી ધંધાર્થી દૂર રહેજો.

**તુલા(ર.ત.):-** ન ધારેલા લાભની આશા ફળવાની રાજકીય રીતે કોઇ લાભની આશા

**વૃશ્ચિક (ન.ય.):-** કારણવગરના વિચારોને ટાળવા નવી નોકરીની ઓફર બાબત કોઇ ઉતાવળ ન કરવી.

**ધન (ભ.ધ.ફ.ઢ.):-** સામાજીક કાર્યોમાં સફળતા મલવાની કર્જ કરવાથી દૂર રહેજો ચમત્કારની અપેક્ષા ન રાખવી.

**મકર (ખ.જ.):-** સંતાનોની પ્રગતિ માટે અનુકુળતા વાળો સમય રહેવાનો. કાનૂની પ્રશ્નોમાં સફળતા વિદેશથી લાભ.

**કુંભ(ગ.શ.સ.):-** મિત્રોનો સહકાર સારો રહેવાનો છે. પાર્ટીનું આયોજન થાય. સગાઇ લગ્નના કાર્યોમાં સફળતા.

**મીન(દ.ચ.ઝ.):-** આવકનું પ્રમાણ જળવાઇ રહેવાનું વેપારમાં નવા ભાગીદારોનો સહકાર રહે. ઉધારાથી દૂર રહેજો.

### ઇટાલીમાં કોરોનાએ ૧૦૦ ડૉક્ટરોનો જીવ લીધો, મરનારાઓની સંખ્યા ૧૮૦૦૦ને પાર

# કોરોનાઃ વિશ્વમાં ૯૫ હજારથી વધુનો ભોગ લેવાયો, ૧૬ લાખથી વધુ લોકો સંક્રમિત

રોમ/મેલબર્ન,તા.૧૦

વિશ્વભરમાં કોરોના સંક્રમણના ૧૬ લાખથી વધારે કેસ નોંધાયા છે. ૯૫ હજાર ૭૩૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્રણ લાખ ૫૭ હજાર લોકોને સારવાર પછી હોસ્પિટલમાંથી રજા અપવામાં આવી છે. ઓસ્ટ્રેલિયાની સરકારે લોકોને ઘરની બહાર ન નિકળવાની સલાહ આપી છે. ઘરની બહાર નિકળનાર લોકો ઉપર હેલિકોપ્ટરથી નજર રખાશે. નિયમો તોડનાર લોકો પાસેથી મોટો દંડ વસુલાશે. ઓસ્ટ્રેલિયામાં ૬૧૫૨ પોઝિટિવ કેસ છે અને ૫૨ લોકોએ જીવ ગુમાવ્યો છે. યમનમાં પ્રથમ કેસ નોંધાયો છે.

ચીલીમાં સ્વસ્થ થયેલા દર્દીઓને વાઈરસ ફ્રી સર્ટિફિકેટ આપવાનો નિર્ણય કરાયો છે. અહીં અત્યાર સુધીમાં ૧૨૭૪ લોકો સ્વસ્થ થયા છે. દેશના સ્વાસ્થ્ય મંત્રી જેઈમ મેનાલિચે કહ્યુ કે સર્ટિફિકેટ મેળવનાર વ્યક્તિને ઘરની બહાર નિકળવું સરળ બનશે. ચીલીમાં છ હજાર પોઝિટિવ કેસ છે અને ૫૭ લોકોના જીવ ગયા છે. બીજી તરફ યુરોપિયન યુનિયન (ઈયુ)એ કોરોનાનો સામનો કરી રહેલા યુરોપના દેશને ૪૧ લાખ કરોડ (૫૦૦ બિલિયન યુરો) આપવાની જાહેરાત કરી છે.

ઈટાલીમાં કોરોના -કૉવિડ-૧૯નો પ્રકોપ સતત વધી રહ્યો છે, મૃતકોની સંખ્યામાં દિવસે દિવસે મોટા પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. આ બધાની વચ્ચે એક ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે, જેમાં કોરોનાએ ઈટાલીમાં ૧૦૦થી વધુ ડૉક્ટરોનો જીવ લઈ લીધો છે. આ સાથે દેશમાં મૃતકોની સંખ્યા વધીને ૧૮ હજારને પાર પહોંચી ગઈ છે.

ઈટાલીના ફેડરેશન ઓફ ડૉક્ટર્સ ગિલ્ડ (એફએનઓએમસીઈઓ)એ ગુરુવારે માહિતી આપી કે, કોરોના-આ વૈશ્વિક મહામારીથી ઈટાલીની હાલત ખરાબ થઈ ગઈ છે. જાણીતા ડૉક્ટર સમર સિંઝાબના મોત સાથે ઈટાલીમાં ડૉક્ટરોના મોતનો આંકડો ૧૦૦ થઈ ગયો છે. સિંઝાબ નામના ડૉક્ટરનુ ૧૦૦મુ મૃત્યુ થયુ હતુ.

નોંધનીય છે કે, ઈટાલી કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત છે, અહીં અત્યાર સુધી ૧૪૩,૬૨૬ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે, અને ૧૮,૨૭૯ લોકો મોતને ભેટી ચૂક્યા છે.

# ભારતે ઈઝરાયલને હાઈડ્રોક્સીક્લોરોક્વિન દવાન મોકલીઃ નેતન્યાહૂએ મોદીનો આભાર માન્યો



જેરુસલેમ,તા.૧૦

ભારતમાંથી ૫ ટન કાર્ગો દવા મોકલવા પર ઈઝરાયલના વડાપ્રધાન બેંજામિન નેતન્યાહુએ ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો છે. આ પહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ જાયર બોલસોનારોએ પણ મોદીનો આભાર માની ચૂક્યા છે. મેડિસિનના કન્સાઈનમેન્ટમા કોરનાવાઈરસના સંકટમાંથી બહાર આવવામાં સહાયક એન્ટી મેલેરિયા મેડિસન ક્લોરોક્વિન અને હાઈડ્રોક્સીક્લોરોક્વીન છે. તેને ઉપલબ્ધ કરાવવા માટે અમેરિકા, બ્રાઝીલથી લઈને ઈઝરાયલે ભારતની મદદ માંહી હતી. પછીથી મોદીએ વૈશ્વિક મહામારીને ખત્મ કરવા અને માનવતા માટે આ દવાઓને ઉપલબ્ધ કરાવવાનું આશ્વસન આપ્યું હતું.

ગુરુવારે સાંજે નેતન્યાહુએ ટ્વિટ કર્યું હતું. તેમણે ક્લોરોક્વિન મોકલવા બદલ ઈઝરાયલના તમામ નાગરિકો વતી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો. દવાઓ ભરેલું વિમાન મંગળવારે ઈઝરાયલ પહોંચ્યું હતું. ઈઝરાયલે ભારતને ૩ એપ્રિલે ક્લોરોક્વિન અને હાઈડ્રોક્સીક્લોરોક્વિન દવા ઉપલબ્ધ કરાવવા માટે કહ્યું હતું. બાદમાં ભારતે મંગળવારે દવાઓનું કન્સાઈન્સમેન્ટ ઈઝરાયલને ઉપલબ્ધ કરાવ્યું હતું. આ પહેલા ૧૩ માર્ચે પણ ઈઝરાયલે માસ્ક અને બીજી જરૂરી મેડિકલ હેલ્પ માંગી હતી. ઈઝરાયલમાં હાલ ૧૦ હજારથી વધુ કોરોનાવાઈરસના મામલાઓ પ્રકાશમાં આવી ચૂક્યા છે. ૮૬ લોકોના મોત થયા છે. ૧૨૧ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

# સાઉદીના રાજવી પરિવારના ૧૫૦ સભ્યો કરોનાની ઝપટમાં, કિંગ-પ્રિન્સ આઈસોલેશનમાં

રિયાધ તા.૧૦

કોરોના વાઈરસથી વિશ્વઆખું ત્રસ્ત છે કોરોના વાઈરસ સામે એક વ્યક્તિ પણ હુંકાર કરી શકે એમ નથી કે મને આ રોગ નહીં થાય. આનાથી કોઈ પણ સામાન્ય વ્યક્તિ અને વ્યક્તિ વિશેષ છટકી શકે એમ નથી. આ વાઈરસે સામાન્ય માણસ હોય કે હોલિવુડ અભિનેતા હોય કે મોટો રાજકારણી, કે પછી સેલિબ્રિટી બધાને સંકજામાં લીધા છે. આ વાઈરસે બ્રિટનના વડા પ્રધાન હોય કે પ્રિન્સ ચાર્લ્સ હોય કે કનિકા કપૂર હોય બધાને આ રોગે ભરડામાં લીધેલા છે. હવે સાઉદી અરેબિયાથી એવા અહેવાલો આવી રહ્યા છે કે રાજવી પરિવારના ૧૫૦ સભ્યોમાં કોરોના વાઈરસનો ચેપ પ્રસર્યો છે, આ ઘટના પછી કિંગ સલમાન અને ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન આઈસોલેશનમાં ગયા છે.

કિંગ ફૈઝલ સ્પેશિયલિસ્ટ હોસ્પિટલના ડોકટરો રાજવી પરિવારની સારવાર કરવામાં રોકાયેલા છે અને ત્યાં કોરોનાનું જોખમ વધી ગયું હોવાથી હોસ્પિટલ ૫૦૦ વધારાના બેડ તૈયાર કરી રહી છે. હોસ્પિટલે કહ્યું હતું કે "દેશભરમાંથી આવતા વીઆઈપી દર્દીઓ માટે એક અલગ વ્યવસ્થા તૈયાર કરવામાં આવી રહી છે.

ટાઈમ મેગેઝિનના જણાવ્યા અનુસાર હોસ્પિટલે ડોકટરોને એક હાઈ એલર્ટ સંદેશ મોકલ્યો હતો. આ સંદેશમાં કહેવામાં આવ્યું હતું કે તેમને ખબર નથી કે કેટલા કેસો તેમની પાસે આવશે, પરંતુ બધા દર્દીઓને દૂર કરવામાં આવે અને ફક્ત ઈમર્જન્સી કેસ પર જ ધ્યન આપવામાં આવે અને એ પણ શાહી પરિવાર સાથે જોડાયેલા હોય એ જ.રિયાધની આ હોસ્પિટલમાં કોઈ ચેપગ્રસ્ત કર્મચારીને રહેવાની મંજૂરી નહીં આપવામાં આવે, જેથી શાહી સભ્યો માટે રૂમ્સ સુરક્ષિત રાખી શકાય. બીજી બાજુ શાહ સલમાન (૮૪) જેદ્દા નજીક આઈસોલેશનમાં ચાલ્યા ગયા છે, જ્યારે ક્રાઉન પ્રિન્સ સલમાન લાલ સમુદ્ર કિનારે એક દૂરના વિસ્તારમાં આઈસોલેશનમાં જતા રહ્યા છે.

### સરકારે વેન્ટિલેટર,કોરોના ટેસ્ટિંગ કિટ અને માસ્ક પરથી એક્સાઈઝ ડ્યૂટી હટાવી

ન્યુ દિલ્હી,તા.૧૦

કોરોના સંકટ દરમિયાન કેન્દ્ર સરકારે વેન્ટિલેટર, ટેસ્ટિંગ કિટ અને માસ્ક પરથી સપ્ટેમ્બર સુધી એક્ઝાઈ ડ્યૂટી હટાવવાનો નિર્ણય કર્યો છે. તે ઉપરાંત આ સાધનો પર લગાવવામાં આવતા મેડિકલ સેઝમાં પણ છૂટ આપવામાં આવી છે. આ મહામારી દરમિયાન દેશમાં વેન્ટિલેટર્સ અને ટેસ્ટિંગ કિટની અછત ન થવી જોઈએ. તે ઉપરાંત પર્સનલ પ્રોટેક્શન ઈક્વિપમેન્ટ (પીપીઈ) કિટ અને દરકે પ્રકારના માસ્કની કિંમતમાં ઘટાડો આવશે.રેવન્યૂ ડિપાર્ટમેન્ટે જણાવ્યું કે, કોરોના મહામારી દરમિયાન વેન્ટિલેટર્સ અને અન્ય ચિકિત્સા સાધનોની ખૂબ માંગણી છે. તેથી આ સંજોગોમાં સરકાર તેના પરની આયાત અને તેના પર લાગતી ડ્યૂટીને તાત્કાલિક પરત લઈ રહી છે. તે સાથે જ આ છૂટ દેશમાં તેના ઉત્પાદન ઉપર પણ લાગુ રહેશે. સરકારે હાલ આ છૂટની મર્યાદા ૩૦ સપ્ટેમ્બર સુધી વધારી દીધી છે.

હાલ વેન્ટિલેટર અને ટેસ્ટિંગ કિટ પર ૧૦ ટકા, માસ્ક પર ૭.૫ ટકા, પીપીઈ કિટ પર ૭.૫થી ૧૦ ટકા એક્સાઈઝ ડ્યૂટી લેવામાં આવતી હતી. આ સિવાય આ દરેક વસ્તુઓ પર ૫ ટકા મેડિકલ સેઝ અલગથી વસુલ કરવામાં આવતો હતો.

# બ્રિટનમાં કોરોનાથી એક જ દિવસમાં ૮૮૧ લોકોના મોતઃ કુલ મૃત્યુઆંક ૭૯૦૦ને પાર

લંડન,તા.૧૦

બ્રિટનની સરકારે ગુરૂવારે જણાવ્યું હતું કે કોરોના વાયરસના કારણે સંક્રમણના કારણે દેશમાં એક જ દિવસમાં ૮૮૧ લોકોનાં મોત થયા છે. દેશમાં ગુરવારે મોડી રાત સુધીમાં કોરોનાના કારણે ૭,૯૭૮ લોકોનાં મોત થયા છે. વિદેશ મંત્રી ડોમિનિક રાબે મૃતકોની સંખ્યાને જોતા ચેતવણી આપી છે કે દેશમાં હજુ સુધી દેશમાં મૃતકોનો આંકડો ચરમસીમાએ નથી પહોંચ્યો પરંતુ સ્થિતિ વણસી શકે છે.

દરમિયાન કોરોના વાયરસથી સંક્રમિત બ્રિટનના વડાપ્રધાન બોરિસ જહોનસન સંક્રમિત થતા રાબ જ સરકારના પ્રભારી છે. બ્રિટનમાં વાયરસના સંક્રમિતોની સંખ્યા ૬૫૦૦૦ને વટાવી ગઈ છે.

બ્રિટનમાં કોરોના વાયરસના કારણે એક તબીબનું મોત થયું જેણે વડાપ્રધાનને જણાવ્યું હતું કે દેશમાં કોરોના સામે લડવા માટે ઈ શૂટની અછત છે. ૫૩ વર્ષના તબીબ અબ્દુલ મબૂદ ચૌધરી ૧૫ દિવસ સુધી હૉસ્પિટલમાં ભરતી રહ્યા બાદ તેમનું મોત થયું હતું.

દરમિયાન ગુરૂવારે ઈંગ્લેન્ડના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા મોતનાં ૭૬૫ મામલાઓ નોંધવામાં આવ્યા હતા. ઈંગ્લેન્ડમાં કોરોનાના કારણે કુલ ૭૨૪૮ લોકોનાં મોત થયા છે. મૃતકોમાં ૨૪ વર્ષના યુવાનથી લઈને ૧૦૩ વર્ષના વયોવૃદ્ધનો સમાવેશ થાય છે.

# ૧૪૦૦ કિમી સ્કૂટી ચલાવીને બીજા રાજ્યમાંથી પુત્રને ઘરે લાવી માતા

નિઝામાબાજ,તા.૧૦

તેલંગાણાના નિઝામાબાદના રહેવાસી એક મહિલા શિક્ષિકા રાજ્યમાં લાગૂ સખ્ત લોકડાઉનની વચ્ચે પોતાના એક સાહસપૂર્ણ કામના લીધે ચર્ચામાં છે. નિઝામાબાદના બોધાનમાં એક સ્કૂલમાં શિક્ષિકા રઝિયા બેગમ લોકડાઉનના લીધે આંધ્રપ્રદેશના નેલ્લોરમાં ફસાયેલા પોતાના દીકરાને ઘરે પાછો લાવવા માટે પોતાની સ્કૂટી પર જ નીકળી પડ્યા. અંદાજે ૧૪૦૦ કિલોમીટરનું અંતર સ્કૂટી પર કાપી આખરે પોતાના દીકરાને ઘરે પાછો લાવવામાં સફળ રહી.

રઝિયાએ લોકડાઉનમાં બહાર નીકાળવા માટે પોલીસ પાસે મંજૂરી લીધી હતી. નેલ્લોર પહોંચવા સુધી તેમને રસ્તામાં કેટલીય જગ્યાએ થોભવું પડ્યું. આ દરમ્યાન સ્થાનિક અધિકારીઓને કન્વિંસ કરતાં નેલ્લોર સુધી મુસાફરી કરી. તેમણે કહ્યું કે તેમના માટે આ સરળ નહોતું.

# જે તે રાજ્ય સરકારોને લોકડાઉન લંબાવવાની ફરજ પડશે કે શું.....?

(જીએનએસઃ હર્ષદ કામદાર)

ભારત સહિત વિશ્વના ૧૯૧ દિવસોને ચીનમાંથી પેદા થયેલા કોરોના વાયરસે તમામ દેશોના અર્થતંત્રને છિન્નભિન્ન કરી નાખવા સાથે રાક્ષસ રૂપે લાખો લોકોને મોતના મુખમાં ધકેલી દીધા છે.. તો લાખો લોકોને પોતાના બાહુપાશમાં જકડી લીધા છે. અને રાક્ષસી સ્વરૂપે માનવ શરીરમાં ઘુસેલા કોરોનાએ જે તે માનવી સંપર્કમાં આવતા તેને પણ જોડવામાં કસર રાખતો નથી. ત્યારે તેને સંક્રમિત થતો રોકવા ભારતના લોકોની જેમ દુનિયાભરના લોકોએ પોતાની જાતને પોતાના ઘરમાં જ્યાં પણ રહેતા હોય ત્યાં કેદ કરી દેવાની જરૂર છે.જે તે દેશની સરકારોએ પોતાની પ્રજાને બચાવવા અથાક પ્રયત્નો કર્યા છે...જો કે ઈટાલીની સરકારે બચાવના હથિયારો હેઠા નથી મુક્યો પરંતુ ત્યાંના વડામા નિરાશા વ્યાપી ગઈ છે. ત્યારે ભારતના વડાપ્રધાન મોદીજી એ દેશભરને લોટડાઉન કરી દેતા કોરોનાને ઈટલી કે સ્પેનમાં મળી તેવી સફળતા મળી નથી... તે હકીકત સ્વિકારવી રહી. કેન્દ્ર સરકાર દેશમાં જરૂરી પગલાં લેવામાં મોડી પડી છે....! પરંતુ ભણેલા- ગણેલા અબુધ લોકો તેમજ અસંગઠીત લોકો પૈકીમા પોઝિટીવ રોગ હોવા છતાં અક્કડ વલણ ધરાવનારાઓએ who, દેશના વડાપ્રધાન તેમજ જે તે રાજ્યના આરોગ્ય તંત્રની સૂચનાઓને કે ચેતવણીઓ અવગણતા ભારતમાં કોરોનાગ્રસ્તોનો આંકડો૭ હજાર નજીક પહોંચવાની શક્યતા વધી પડી છે....! કારણ હવે લોકલ ટ્રાન્સમિશન ઝડપથી આગળ વધી રહ્યું છે... આમ છતાં ડૉક્ટરો- નર્સો- મેડિકલ કર્મચારીઓની સેવા સુશ્રુષા અને પોલીસ તંત્રની ખડેપગે આકરી વ્યવસ્થા ઉપરાંત જે તે મહાનગરોના તંત્રની બાજ નજરને કારણે મૃતાક ૨૨૮ થી આગળ નથી વધતા દીધો. આ બધું છતાં હવેના સમયમાં દેશભરના લોકોએ પોતાની અને પરિવારની સલામતી માટે પોતાના ઘરની બહાર જરૂરત સિવાય બહાર ન નિકળે અને જેને પણ બહાર જવાની જરૂર પડે તેના માટે માસ્ક લગાવવો અતિ જરૂરી છે... તો અન્યના સમ્પર્કના સમયે એકથી દોઢ મીટર અંતર પણ રાખવું આવશ્યક છે... અને તોજ ભારતના લોકોને જીત કોરોના સામે થઈ શકશે....!! વિશ્વભરમાં કોરોનાના કેસો ૧૬ લાખ થવા તરફ આગળ વધી રહ્યા છે, તો ૯૧ હજાર જેટલા લોકોને મોતના મુખમાં ધકેલી દીધા છે. મોટાભાગના નાના- મોટા ઉદ્યોગો ઠપ થઈ ગયા છે પરિણામે કરોડો લોકો બેકાર થઈ ગયા છે... તો દરેક દેશના અર્થતંત્ર ડામાડોળ થઈ ગયા છે..... અને આ બધા વચ્ચે ચીનનું અર્થતંત્ર દોડતું થઈ ગયું છે. શિયાળ ચાલ ચાલતા સ્વાર્થી ચીને પોતાના ખાસ મિત્ર પાકિસ્તાન સહિત વિશ્વના ૫૦ જેટલા દેશોમાં માસ્ક,વેન્ટીલેટર સહિતનો વિવિધ મેડિકલ માલસામાન નિકાસ કરેલ તે માલ તકલાદી નીકળતા તમામ દેશોમાં ભારે બુમરાણ મચી ગઈ તે સાથે તેનો માલ સામાન પરત કરી દીધો છે. તો અન્ય દેશો પણ ચીનનો માલ સામાન ખરીદવા તૈયાર નથી... પરિણામે ચીનના મનમાં જે પાપ હતું તે છાપરે ચડી ગયું છે....! ચીને પોતાની આબરૂ વિશ્વભરમા ગુમાવી દીધી છે.....! આ બધા વચ્ચે ભારત જ એક એવો દેશ છે કે જ્યા આજે પણ લોકો ચીની બનાવટની ચીજ વસ્તુઓ ખરીદે છે... કારણ તે કિંમતમાં સસ્તી છે.તો પછી ચીનનો માલસામાન આયાત કરતા વેપારીઓમા રાષ્ટ્રપ્રેમ નો અભાવ છે કે નહીવત થઈ ગયો છે.....! આવા વેપારીઓ પણ તકવાદી અને ×પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ× એ રીતે નફાને-નાણાને મહત્વ આપી રહ્યા છે....! ત્યારે આવા ચીનનો માલ મંગાવતા અને ચીની બનાવટની વસ્તુઓ વાપરતા લોકોએ વિશ્વના દેશોએ ચીની માલનો અસ્વીકાર કર્યો છે તેના પરથી શીખ લેવાની જરૂર છે. ભારતના વિશ્વના દેશો સાથે વ્યાપાર કરાર કે સમજુતી છે..... ત્યારે લોકોએ ખુદે અને ચીનનો માલ-સામાન મંગાવનારાઓએ દેશહિતમાં- પ્રજાહિતમાં ચીનનો માલસામાન ખરીદવાથી કે મંગાવવાથી દૂર રહે... તો જ સાચો રાષ્ટ્રપ્રેમ કહેવાશે....! બાકી ચીન દુશ્મન દેશ નથી છતાં હિન્દી ચીની ભાઈ ભાઈની જેમ ચીનની શિયાળ ચાલ દેશ પ્રેમીઓ- દેશના લોકોએ સમજવાની જરૂર છે......! એક સમયે સંઘ અને સ્વદેશી જાગરણ મંચે ચીનના માલ માલ સામાન નહી ખરીદવા અભિયાન શરૂ કર્યું હતુ.... પરંતુ કોઇ ખાસ કારણને લઈને તેનું બાળ મરણ થયું.... ત્યારે એક જ રસ્તો લોકો પોતેજ ચીની ચીજ વસ્તુની ખરીદી બંધ કરે....!

દેશના રાજકીય ક્ષેત્રે અને બુદ્ધિજીવીઓમાં આજના સમયે ખાસ ચર્ચા ચાલી રહી છે તેમાં રાહુલ ગાંધીએ ત્રણ માસ પહેલા કોરોનાવાયરસ અનુસંધાને ભારત સરકારને આપેલ ચેતવણી છે, સોનિયા ગાંધીએ સરકારને કરેલાં સૂચનો અને લોકડાઉન લંબાવવા બાબતે તેમજ ટ્રમ્પની હાઈડ્રોક્સિક્લોરોક્વીન દવા માટે ભારતને ધમકી સામે સરકારનુ ઝૂકી જવું.....! મુખ્ય ચર્ચા રહી છે.... જેમાં રાહુલ ગાંધીએ ચીનમાંથી કોરોના અન્ય દેશોમાં ફરી વળતા મીડિયા સાથેની વાતમાં કહ્યું હતુ કે ભારતે અત્યારથી દેશભરમાં આરોગ્ય અંગેના તમામ જરૂરી પગલા લેવાની જરૂર છે. તો સુરક્ષાના મેડિકલ સાધનો પુરતા પ્રમાણમા વસાવી લેવા જરૂરી છે. ત્યારે મોદી સરકાર ટ્રમ્પના સ્વાગત માં ડૂબી ગઈ હતી. અને માસ્ક,વેન્ટીલેટર,મેડીકલ ઈક્વીપમેન્ટ સહિતના સાધનોની નિકાસ પર પ્રતિબંધ મુકવા પગલાં લેવાની જરૂર હતી.... પરંતુ માર્ચ મહિનામાં પ્રતિબંધ મૂક્યો. પરિણામે ભારતની હોસ્પિટલો- દવાખાનાઓમાં જરૂરતના પ્રમાણમાં પીપીઈની અછત છે. અને એ કારણે મુંબઈ, અમદાવાદની નામી હોસ્પિટલોના ડોક્ટરો, નર્સો,મેડિકલ સ્ટાફ કોરોનાની ચપેટમાં આવી જતા હોસ્પિટલને બંધ કરવાની નોબત આવી ગઈ છે... તો સોનિયા ગાંધીના સુચનો અતિ જરૂરી છે જો તેનો અમલ થાય તો મિડીયા જાગૃત બની દેશ માહેની સાચી હકીકતો- સમાચારો બહાર આવતા થઈ જાય. અને માત્ર પૈસા કમાવા માટે ઊભી કરનારાની ચેનલો બંધ કરવી પડે.....! જે સરકાર અને આમ પ્રજા માટે સારું રહે. તો ટ્રમ્પ એક તુંડમિજાજી મિત્ર છે તેનો વિશ્વાસ કરવો એટલે નુકસાન.... કારણ અમેરિકાની પ્રજા માટે તેમણે ભારતની જેવા આકરાં પગલાં ન ભરતા દેશના અર્થતંત્રને જ મહત્વ આપ્યું...... અને હવે રાષ્ટ્રપતિપદ ગુમાવવાનો ડર......! એટલા માટે પોતાની પ્રજાનો વિશ્વાસ પુનઃ જીતવા માટે.... કદાચ ભારતને દવા માટે ધમકી આપી હશે. છતાંય ભારતે માનવીય અભિગમ અપનાવ્યો છે.., અન્ય દેશોને hydroxychlrooquine મોકલાવી તેવી રીતે અમેરિકાને મોકલવાની હતી......! પરંતુ હવે પ્રધાન્ય અમેરિકાને આપ્યું છે..... જ્યારે લોક ડાઉનલોડ લંબાવવાની જરૂર છે એટલા માટે પડશે કે દેશમાં આજે પણ એવા નાસમજ, અબડંગ લોકો છે કે જેઓ સરકારની, આરોગ્ય તંત્રની સુચના માનતા નથી.....! તેમજ હવે લોકલ ટ્રાન્સમિશન વધ્યું છે... ત્યારે જે તે રાજ્ય સરકારોએ જરૂરિયાત અનુસાર જરૂરી વિસ્તારોમાં કે સમગ્ર રાજ્યમાં lockdown લંબાવવા નિર્ણય લેવાની નાછૂટકે ફરજ પડશે....!! વંદે માતરમ્

# સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક તેજીનો માહોલ: કોટનના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડો

## કપાસ, મેન્થા તેલમાં સુધારો: નેચરલ ગેસ, સીપીઓમાં નરમાઈ: ગુરૂવારે પૂરા સત્રમાં રૂ.૧૧૧૪૪ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને ગુરૂવારે પૂરા સત્રમાં એમસીએક્સ પર ૨૮૭૮૨૪ સોદામાં રૂ.૧૧૧૪૪.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ.૧૦૬૭૦.૬૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૪૭૪.૧૨ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સાર્વત્રિક તેજીનો માહોલ હતો. બિનલોહ ધાતુઓ એકંદરે વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલનો વાયદો વધવા સામે નેચરલ ગેસ ઘટીને બંધ થયું હતું. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડા સામે કપાસ અને મેન્થા તેલ સુધર્યા હતા. સીપીઓમાં નરમાઈ હતી.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૭૮૫૩૩ સોદાઓમાં રૂ.૩૬૩૦.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૮૩૮ ખૂલી, ઉપરમાં રૂ.૪૫૩૨૭ અને નીચામાં રૂ.૪૪૮૩૮ ના મથાળે અથડાઈ પૂરા સત્રનાં અંતે રૂ.૩૫૩ વધીને રૂ.૪૫૨૯૪ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ પૂરા સત્રનાં અંતે રૂ.૩૪૩ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૬૭૪૩ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ પૂરા સત્રનાં અંતે રૂ.૩૦ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૫૫૯ થયા હતા, જ્યારે સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૫ વધીને બંધમાં રૂ.૪૫૨૭૯ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૪૩૦૦૩ ખૂલી, ઉપરમાં રૂ.૪૩૫૮૨ અને નીચામાં રૂ.૪૨૮૭૧ ના સ્તરને સ્પર્શી પૂરા સત્રનાં અંતે રૂ.૩૬૩ વધીને રૂ.૪૩૫૦૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૭૧ વધીને રૂ.૪૩૫૨૭ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ.૩૧૯ વધીને રૂ.૪૩૯૧૭ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૧૬૬૪૬૮ સોદાઓમાં રૂ.૫૩૯૫.૬૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૯૬૯ ખૂલી, ઉપરમાં રૂ.૨૧૧૭ અને નીચામાં રૂ.૧૯૫૨ બોલાઈ પૂરા સત્રનાં અંતે રૂ.૧૮૬ વધીને રૂ.૨૦૮૦ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૮૦૩ સોદાઓમાં કુલ રૂ.૨૨૯.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન એપ્રિલ વાયદો ગાંસડીદીઠ રૂ.૧૬૭૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૬૭૫૦ અને નીચામાં રૂ.૧૬૬૪૦ સુધી જઈ પૂરા સત્રનાં અંતે રૂ.૧૦ ઘટીને રૂ.૧૬૬૬૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૬૬૮.૭ ખૂલી, પૂરા સત્રનાં અંતે રૂ.૧૧.૫ ઘટીને બંધમાં રૂ.૬૪૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૧૯૫.૧ ખૂલી, ઉપરમાં રૂ.૧૨૦૧ અને નીચામાં રૂ.૧૧૬૮ રહી, અંતે રૂ.૧૧૯૫ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૯૭૨ ખૂલી, ઉપરમાં રૂ.૯૭૫ અને નીચામાં રૂ.૯૬૫ સુધી જઈ પૂરા સત્રનાં અંતે રૂ.૨ વધીને રૂ.૯૬૯ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પૂરા સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૨૧૫૦ સોદાઓમાં કુલ રૂ.૨૨૦૬.૦૪ કરોડ ની કીમતનાં ૪૮૮૭.૫૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૫૬૩૮૩ સોદાઓમાં કુલ રૂ.૧૪૨૪.૦૩ કરોડ ની કીમતનાં ૩૨૮.૫૮૭ ટન, ક્રૂડ તેલમાં ૧૨૬૬૮૮ સોદાઓમાં રૂ.૪૧૭૪.૬૩ કરોડનાં ૨૦૩૬૮૩૦૦ બેરલ્સ, કોટનમાં ૩૯૯ સોદાઓમાં રૂ.૨૮.૬૪ કરોડનાં ૧૭૧૦૦ ગાંસડી, સીપીઓમાં ૨૩૦૬ સોદાઓમાં રૂ.૧૯૭.૪૭ કરોડનાં ૩૦૧૯૦ ટન, એલચીમાં ૧ સોદાઓમાં રૂ.૧.૬૦ લાખનાં ૦.૧ ટન, મેન્થા તેલમાં ૪૯ સોદાઓમાં રૂ.૨.૩૪ કરોડનાં ૧૯.૮ ટન, કપાસમાં ૪૮ સોદાઓમાં રૂ.૯૫.૩૭ લાખનાં ૧૯૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પૂરા સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૦૩૪૮.૬૯૨ કિલો, ચાંદીના વાયદાઓમાં ૧૬૬.૨૬૨ ટન, ક્રૂડ તેલમાં ૨૧૮૫૯ બેરલ્સ, કોટનમાં ૧૭૩૮૫૦ ગાંસડી, સીપીઓમાં ૫૮૩૪૦ ટન, એલચીમાં ૪.૭ ટન, મેન્થા તેલમાં ૯૧.૮ ટન અને કપાસમાં ૪૯૬ ટનના સ્તરે રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ.૪૭૪.૧૨ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૧૩.૯૨ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૦.૪૨ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૯.૫૮ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૦ ખૂલી, ઉપરમાં રૂ.૮૪૭ અને નીચામાં રૂ.૭૦૦ રહી પૂરા સત્રનાં અંતે રૂ.૮૩૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૧ ખૂલી, ઉપરમાં રૂ.૨૦૧ અને નીચામાં રૂ.૧૪૪.૫ રહી પૂરા સત્રનાં અંતે રૂ.૧૫૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૭૭ ખૂલી, ઉપરમાં રૂ.૧૯૫ અને નીચામાં રૂ.૧૫૫ રહી પૂરા સત્રનાં અંતે રૂ.૧૬૭.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૫૪૨.૫ ખૂલી, ઉપરમાં રૂ.૫૪૨.૫ અને નીચામાં રૂ.૩૪૧ રહી પૂરા સત્રનાં અંતે રૂ.૩૭૯ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૭૯ ખૂલી, ઉપરમાં રૂ.૨૬૬.૧ અને નીચામાં રૂ.૧૫૫.૧ રહી પૂરા સત્રનાં અંતે રૂ.૨૩૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૯૭.૩ ખૂલી, ઉપરમાં રૂ.૩૮૨.૮ અને નીચામાં રૂ.૧૫૨ રહી પૂરા સત્રનાં અંતે રૂ.૧૬૯ બંધ રહ્યો હતો.

### મુખ્યમંત્રીશ્રીની જાહેરાતની ફલશ્રુતિ

# રાજ્યના ૬૦ લાખ APL-1 કાર્ડધારકોને તા. ૧૩ એપ્રિલથી વિનામૂલ્યે અનાજ વિતરણનો પ્રારંભ થશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની અધ્યક્ષતામાં ગત બુધવાર તા. ૮ એપ્રિલે મળેલી વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટ બેઠકમાં રાજ્યના ૬૦ લાખથી વધુ APL-1 રેશન કાર્ડધારકો-મધ્યમવર્ગીય પરિવારોને એપ્રિલ માસ પૂરતું વિનામૂલ્યે અનાજ વિતરણનો નિર્ણય કરવામાં આવ્યો હતો

આ પ્રજાહિતલક્ષી ક્રાંતિકારી નિર્ણયના પગલે હવે, રાજ્યભરમાં આગામી તા. ૧૩ એપ્રિલ-૨૦૨૦થી ૧૭ હજાર જેટલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી ૬૦ લાખ APL-1 કાર્ડધારકો એટલે કે ૨.૫૦ થી ૩ કરોડ જેટલા મધ્યમવર્ગીય લોકોને વિનામૂલ્યે અનાજ વિતરણનો પ્રારંભ કરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના આ નિર્ણયની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, પ્રવર્તમાન લોકડાઉન અને કોરોના વાયરસની પરિસ્થિતીમાં આવા અનાજના વિતરણ દરમ્યાન ભીડભાડ ન થાય, સોશિયલ ડિસ્ટન્સ જળવાઇ રહે અને સૌને પૂરતું અનાજ મળી રહે તેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ તાકીદ કરી છે. આ હેતુસર રાજ્યમાં અનાજ વિતરણ વ્યવસ્થામાં સરળતાથી જળવાઇ રહે તે માટે ગ્રામ્ય અને શહેરી કક્ષાએ દુકાનદીઠ એક-એક સમિતીની રચના કરવામાં આવશે. આ સમિતીમાં શિક્ષક, તલાટી કે ગ્રામસેવક, પોલીસ અને સ્થાનિક અગ્રણીનો સમાવેશ કરવામાં આવશે તેમ મુખ્યમંત્રીશ્રીના સચિવે ઉમેર્યુ હતું.

આ સમિતીએ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય, વિતરણની સુચારૂ વ્યવસ્થા અને સાચા લાભાર્થીઓને કોઇ પણ જાતની અવ્યવસ્થા વગર અનાજ મળી રહે તે માટે તમામ કાર્યવાહી કરવાની રહેશે.

APL-1 કાર્ડધારકોએ પોતાના કાર્ડ સાથે આધાર કાર્ડ પણ લઇ જવાનું રહેશે તથા સરકાર માન્ય સસ્તા અનાજના દુકાનધારકે વિતરણ વ્યવસ્થાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તેવા દિશાનિર્દેશો પણ મુખ્યમંત્રીશ્રીએ અન્ન નાગરિક પુરવઠા વિભાગને આપેલા છે

મુખ્યમંત્રીશ્રીના સચિવે જણાવ્યું કે, આ અનાજ વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે પાંચ દિવસ એટલે કે તા. ૧૩ એપ્રિલથી ૧૭ એપ્રિલ દરમ્યાન રેશનકાર્ડના પાછલા આંકડાની સંખ્યા મુજબ અનાજ વિતરણના દિવસો નિર્ધારીત કરવામાં આવ્યા છે

તદ્અનુસાર, NFSAમાં સમાવિષ્ટ ન હોય તેવા છઁન્-૧ રેશનકાર્ડ ધારકોના કાર્ડના છેલ્લા અંક-આંકડા નંબર ૧ અને ૨ છે તેમને તા. ૧૩ એપ્રિલ-૨૦૨૦, ૩ અને ૪ છેલ્લા આંકડા ધરાવતા કાર્ડધારકોને તા. ૧૪ એપ્રિલ-૨૦૨૦, ૫ અને ૬ છેલ્લા આંક ધરાવતા હોય તેને તા. ૧૫ એપ્રિલ તેમજ ૭ અને ૮ છેલ્લા અંક ધરાવતા છઁન્-૧ કાર્ડધારકે તા. ૧૬/૪/૨૦૨૦ તેમજ ૯ અને ૦ છેલ્લો આંક હોય તેવા રેશનકાર્ડ ધારકને તા. ૧૭ એપ્રિલ-૨૦૨૦ના દિવસે અનાજ વિતરણ વિનામૂલ્યે કરવામાં આવશ

મુખ્યમંત્રીશ્રીના સચિવે સ્પષ્ટપણે જણાવ્યું કે, APL-1 કાર્ડધારકો તેમના રેશનકાર્ડના છેલ્લા આંકડા મુજબ જે તારીખો-દિવસો ફાળવાયા છે તે જ દિવસે સસ્તા અનાજની દુકાને અનાજ લેવા માટે જાય તે આવશ્યક અને પ્રવર્તમાન સ્થિતીમાં સુરક્ષિત પણ છે.

તેમણે એમ પણ ઉમેર્યુ કે, અનિવાર્ય સંજોગોના કારણે જો કોઇ છઁન્-૧ કાર્ડધારક આ પાંચ દિવસ દરમ્યાન અનાજ વિતરણનો લાભ ન મેળવી શકે તો એવા લાભાર્થીઓને તા. ૧૮ એપ્રિલ-૨૦૨૦ના દિવસે અનાજ વિતરણ કરવામાં આવશે. જેથી જે-તે દિવસે જો કોઇ લાભાર્થી અનાજ ન મેળવી શકે તો બીજા દિવસે દુકાને નહિ જઇને તા. ૧૮મી એ જ પોતાનું અનાજ મેળવવાનું રહેશે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં નાના-મોટા ઊદ્યોગ એકમો, કોન્ટ્રાકટર્સ, ખાનગી એકમો પોતાના કમર્ચારીઓને છૂટા કરી શકશે નહિ તેમજ વેતન પણ આ સમય દરમ્યાન આપવાનું રહેશે તેવા જે દિશાનિર્દેશો આપેલા તેને પણ રાજ્યના ઊદ્યોગ-વેપાર એકમોએ વ્યાપક પ્રતિસાદ આપ્યો છે.

મુખ્યમંત્રીશ્રીના સચિવે આ સંદર્ભમાં કહ્યું કે, રાજ્યભરમાં આવા ૨૦૨૧૪ જેટલા નાના-મોટા એકમોએ તેમના કુલ ૭ લાખ ૩૮ હજાર જેટલા કામદારો-કારીગરો-શ્રમિકોને રૂ. ૧૨૬૪ કરોડનું વેતન માન ચૂકવ્યું છે.

હાલની લોકડાઉનની સ્થિતીમાં શ્રમજીવી વર્ગોને નાની-મોટી બિમારીના ઇલાજ સારવાર માટે રાજ્યમાં ૩૪ જેટલા ધન્વંતરી રથ કાર્યરત છે અને તેની OPDમાં ૪૬ હજારથી વધુ શ્રમિકોને લેબર કોલોની, રેનબસેરા તથા પરપ્રાંતિય શ્રમિકોની વસાહતોમાં જઇને આરોગ્ય તપાસ સેવાઓ પૂરી પાડવામાં આવી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીના સચિવે જણાવ્યું હતું.

પ્રવર્તમાન લોકડાઉનના સત્તરમા દિવસે શુક્રવારે દૂધ, શાકભાજી સહિતની આવશ્યક ચીજવસ્તુઓના પૂરવઠા અને વિતરણની વિગતો પણ તેમણે આપી હતી.

આ અંગે મુખ્યમંત્રીશ્રીના સચિવે જણાવ્યું કે, શુક્રવારે રાજ્યમાં ૪૬.૭૬ લાખ લિટરનું વિતરણ થયેલ છે. ૯૦૧૬૪ કવીન્ટલ શાકભાજીનો આવરો થયો છે તેમાં બટાટા ૨૪,૭૯૨ કવીન્ટલ, ડુંગળી-૧૬,૯૭૯ કવીન્ટલ, ટામેટા-૭૬૫૭ કવીન્ટલ અને અન્ય લીલા શાકભાજી ૪૦,૭૩૪ કવીન્ટલનો સમાવેશ થાય છે. ફળફળાદિની કુલ ૧૨,૪૧૦ કવીન્ટલ આવક છે તેમાં સફરજન ૩૭૯ કવીન્ટલ કેળાં ૧૨૪૬ કવીન્ટલ અને અન્ય ફળો ૧૦,૭૮૫ કવીન્ટલ જેટલા થાય છે.

તેમણે જણાવ્યું કે, રાજ્યના નગરો-મહાનગરોમાં એકલવાયું જીવન જીવતા નિરાધાર, વૃદ્ધ, નિઃસહાય અને જરૂરતમંદ એવા વ્યકિતઓને પ્રવર્તમાન સ્થિતીમાં બે ટાઇમ વિનામૂલ્યે ભોજન પૂરું પાડવાની વ્યવસ્થા અન્વયે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની સૂચનાથી અત્યાર સુધીમાં શહેરી સત્તાતંત્રોએ સેવા સંગઠનોના સહયોગથી ૮૦ લાખ ૬૯ હજાર ૨૬૩ ફૂડપેકેટસનું વિતરણ કર્યુ છે.

સીએમ-પીઆરઓ/અરૂણ

### નોવેલ કોરોના વાયરસ સંક્રમણ અટકાવવા

# ગુજરાતમાં સંપૂર્ણ લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરાવવો એ જ અમારો ધ્યેય : રાજ્યના પોલીસ વડા શ્રી શિવાનંદ ઝા


નોવેલ કોરોના વાયરસના સંક્રમણની શ્રૃંખલાને અટકાવવા માટે ગુજરાતમાં સંપૂર્ણ લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરાવવો એ જ અમારો ધ્યેય અને પ્રાથમિકતા છે તેમ કહી રાજ્યના પોલીસ વડા શ્રી શિવાનંદ ઝાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કોરોનાના સંક્રમણના કેસોની સંખ્યા જ્યાં જ્યાં વધુ છે તે તમામ વિસ્તારોમાં ચુસ્ત લોકડાઉનના શક્ય તેટલાં કડક પગલાં લેવામાં આવી રહ્યા છે.

આવશ્યક સેવાઓ માટે સરકાર દ્વારા આપવામાં આવેલી મુક્તિનો દુરુપયોગ ન કરવા અપીલ કરતાં શ્રી ઝાએ ઉમેર્યું હતું કે, આવશ્યક સેવાઓ માટે મળેલી મુક્તિનો દુરુપયોગ ચલાવી લેવામાં આવશે નહિ. આ બાબતને ગંભીતાપૂર્વક લઇને પોલીસ દ્વારા જરૂરી વોચ રાખવામાં આવી રહી છે અને આવી વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

શ્રી ઝાએ ઉમેર્યું કે, કોરોના વાયરસ સંદર્ભે હાલમાં સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પરથી અનેક અફવાઓ ઉપરાંત આપત્તિજનક પોસ્ટ થતી હોવાની વિગતો ધ્યાને આવતાં સાયબર સેલને સોશિયલ મીડિયા ઉપર સતત વોચ રાખવા કડક સૂચના આપી દેવામાં આવી છે. સાયબર સેલ દ્વારા સોશિયલ મીડિયા પર બાજનજર રાખી તા.૨૧ માર્ચથી અત્યાર સુધીમાં ફેસબુક, ટ્વિટર, ટિકટોક, યુ ટ્યુબ, વોટસએપ, ઈન્સ્ટાગ્રામ સહિતના ૧૬૪ જેટલા વિવિધ સોશિયલ મિડીયા એકાઉન્ટ બ્લૉક કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

શ્રી ઝાએ જણાવ્યું કે, સોશિયલ મીડિયા દ્વારા ફેલાવવામાં આવતી અફવાઓ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. કોરોના પોઝિટિવ દર્દીઓને રોગના લક્ષણો ન હોય તો મેડિકલ ટ્રીટમેન્ટ લેવાની આવશ્યકતા નથી. તેવો વીડિયો બનાવીને કેટલાક વ્યક્તિઓ દ્વારા ફોરવર્ડ કરવામાં આવી રહ્યા છે. જે સદંતર ખોટી બાબત છે, આવા દર્દીઓને આઇસોલેટ કરીને ચોક્કસપણે સારવાર લેવી ફરજિયાત છે. જો આવા દર્દી સારવાર ન લે તો રોગના વાહક બનીને અન્ય સંખ્યાબંધ વ્યક્તિઓને સંક્રમિત કરે છે. જેથી આવી વ્યક્તિઓને સારવારની જરૂર ન હોવાની વીડિયો બનાવીને વાયરલ કરનાર વ્યક્તિઓ સામે પણ કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

રાજ્યમાં લોકડાઉનની ચુસ્ત અમલવારી માટે હવે પોલીસ દ્વારા ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વાહનોના નંબર પ્લેટને આધારે રસ્તા ઉપર વારંવાર ફરતા દેખાતા નાગરિકોને શોધી કાઢવા માટે ઓટોમેટિક નંબર પ્લેટ રિકગ્નાઇઝેશન (એ.એન.પી.આર.) સોફ્ટવેરની મદદ લેવામાં આવી રહી છે. રસ્તા ઉપર ફરતા વાહનોનું એનાલિસીસ કરીને એક જ નંબર ધરાવતા વાહનની રૂટ હિસ્ટ્રી તપાસી બિનજરૂરી ફરતા વાહનચાલકોની યાદી તૈયાર કરી તે તમામ સામે ગુનો દાખલ કરવા સુધીની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં વાહનોના નંબર આધારે ટ્રેકિંગ માટે એ.એન.પી.આર. સોફ્ટવેરની મદદથી વાહન પર નજર રાખી ૧૫





‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’માં બાઘાનું પાત્ર ભજવનારા તન્મય વેકરિયા સાથે આ વાત બની ગઈ છે. તેની સોસાયટીમાં ૩ લોકોના કોરોના પોઝિટિવ આવ્યા બાદ બધાના ઘરોને સીલ કરી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, તન્મય કાંદીવલી વેસ્ટમાં રાજ આર્કેટ બિલ્ડિંગમાં રહે છે. એક રિપોર્ટ મુજબ, ‘બાઘા’ની બિલ્ડીંગને BMCએ સીલ કરી દીધી છે. મંગળવારથી આ બિલ્ડીંગ ૧૪ દિવસ સુધી ક્વોરન્ટાઈન પર રહેશે...

ગુના દાખલ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એટલું જ નહિ, રેલી - સરઘસોમાં વપરાતી ૩૬૦ ડિગ્રી એરિયા કવર કરતાં કેમેરાથી સુસજ્જ પોલીસની વાન ‘પ્રહરી‘ દ્વારા લોકડાઉન પર ચાંપતી નજર રાખવામાં આવશે. તે ઉપરાંત પોલીસ પેટ્રોલિંગમાં ફરતી ગાડીઓમાં પણ હવેથી વીડિયોગ્રાફર રખાશે. જેની વિડિયોગ્રાફી બાદ ફૂટેજના આધારે લોકડાઉન ભંગ કરનાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરાશે. તો બીજી તરફ ક્લસ્ટર કન્ટેન્ટમેન્ટ વિસ્તારોમાં વિશેષ તકેદારી માટે રેન્જ આઇજીને કેમ્પ કરીને સમગ્ર વિસ્તારમાં અસરકારક સુપરવિઝન કરવા સૂચનાઓ આપી દેવામાં આવી છે તેમ શ્રી ઝાએ ઉમેર્યું હતું.

દિલ્હી નિઝામુદ્દીન મરકઝથી ગુજરાતમાં આવેલા વ્યક્તિઓ સંદર્ભે શ્રી ઝાએ ઉમેર્યું કે, ગઈકાલ સુધી ગુજરાતમાંથી ૧૨૭ નાગરિકો પકડાયા હતા જે મરકઝથી આવ્યા હતા. આજે અન્ય ત્રણ વ્યક્તિઓને ઓળખી લેવામાં આવ્યા છે જે ત્રણેય વ્યક્તિઓ ભાવનગરના છે. જે ત્રણમાંથી એકનો કેસ પોઝિટિવ આવ્યો છે. એટલે કે કુલ ૧૩૦ વ્યક્તિઓને પોલીસે શોધી કાઢ્યા છે જે તમામને ક્વોરંટાઈન કરવા સહિતની જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે. તે ઉપરાંત સુરા જમાતમાંથી ૧૦૯૫ વ્યક્તિઓ ગુજરાતમાં આવ્યા હોવાનું ધ્યાને આવ્યું છે તે પૈકી મૂળ તમિલનાડુના ચાર વ્યક્તિઓના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે જે ભરૂચમાં છે. સુરા જમાતના મરકઝથી આવેલા અન્ય વ્યક્તિઓના ટ્રેસિંગની કાર્યવાહી ચાલુ છે.

શ્રી ઝાએ ઉમેર્યું કે, સોશિયલ મીડિયા ઉપર ભડકાઉ મેસેજ બનાવનાર અને તેને ફેલાવનાર બંને સામે ગુનો દાખલ કરીને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગઈ કાલે આવી રીતે સોશિયલ મીડિયામાં અફવાઓ ફેલાવા બદલ ૧૭ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૧૬૬ ગુનાઓ દાખલ કરી ૩૦૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તે ઉપરાંત પોલીસની ત્રીજી આંખ પણ લોકડાઉનની કડક અમલવારી માટે કાર્યરત છે. ડ્રોનની મદદથી ૪૬૩ ગુનાઓ તથા સીસીટીવીની મદદથી ૭૪ ગુનાઓ ગઈ કાલે દાખલ કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ડ્રોનની મદદથી ૩૪૮૦ ગુનાઓ તથા સીસીટીવીની મદદથી ૫૩૪ ગુનાઓ દાખલ કરી લોકડાઉનની કડક અમલવારી કરાવવામાં આવી રહી છે.પોલીસ તંત્ર દ્વારા ગઈ કાલથી અત્યાર સુધીમાં હાથ ધરવામાં આવેલી કાર્યવાહીની વિગતો આપતા શ્રી ઝાએ જણાવ્યું હતું કે, લોકડાઉન દરમિયાન જાહેરનામાના ભંગના ૩૨૭૬ અને હોમ કવોરન્ટાઈન ભંગના ૯૪૩ તથા અન્ય ૪૫૦ ગુનાઓ મળી કુલ ૪૬૬૯ ગુનાઓ આજરોજ દાખલ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ૬૯૨૮ વ્યક્તિઓની અટકાયત કરાઈ છે અને ૩૮૬૨ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

# ભારત લાંબા સમયથી અમેરિકા સામે એફ.ડી.એ ના પ્રતિબંધ માટે લડી રહ્યો હતો




PCA રતલામમાં API નું ઉત્પાદન થાય છે, વર્ષે ૫૦૦ ટન માલ તૈયાર થાય છે ભારત ૮૦ ટનનો વપરાશ કરે છે ૨૪ કલાક ૫૭૨ કર્મચારીઓ ઉત્પાદનમાં રોકાયેલા છે!

૯ વર્ષ થી ભારતીય દવા કંપનીઓ પર યુ.એસ. દ્વારા પ્રતિબંધ મૂક્યો હતો,

એક માંગ ના ધક્કામાં યુ.એસ. એ તમામ પ્રતિબંધો હટાવી લીધા.

બધીજ મોટી ફાર્માસ્યુટિકલ કંપનીઓને મોટું બજાર મળી ગયું.

આખું વિશ્વ ભારત પાસેથી અપેક્ષા રાખી રહ્યું છે અને ભારત ફરીથી વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે

વાસ્તવિકતા એ છે કે ૫. અમેરિકા ઈચ્છતું હતું કે ભારત તરત જ હાઇડ્રોક્સાઇક્લોરિકિન દવા વેચવાનું શરૂ કરે ૫. પણ ચતુરની જેમ ૫

ભારત સરકારે ત્રણ માંગણીઓ મૂકી:

૧. ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓ માટે અમેરિકન બજારનું ખુલ્લુંપ

૨. એફડીએના નામે લાદવામાં આવેલા તમામ પ્રતિબંધોને દૂર કરો ૫

૩. આગળ પણ આપણી ફાર્માસ્યુટિકલ કંપનીઓને ખલેલ પહોંચાડવી જોઈએ નહીંપ

અમેરિકાએ ૨૪ કલાકની અંદર ત્રણેય માંગણીઓ સ્વીકારી ..ટ્રમ્પે પણ કહ્યું .. ઈ મોદી કડક વાટાઘાટ કરનાર વ્યક્તિ છે!!!

હવે ટ્રમ્પ તેની જાહેર જનતાની સામે બડાઈ કરે છે ૫ આ કહેવાતા મહાસત્તાને આપણે કેટલીક શક્તિ બતાવી છે અને કેટલાક અજાણ લોકો કહી રહ્યા છે કે ભારત યુએસ સામે ઝૂકી ગયુંપ અરે મિત્રો, પહેલા સંપૂર્ણ માહિતી મેળવોપ એફડીએ ના પ્રતિબંધ હટાવવા એ કોઈ બાળકની રમત નહોતી,

ભારત-અમેરિકા સામે લાંબા સમયથી એફડીએ ના પ્રતિબંધ હટાવવા સામે લડી રહ્યો છે ..!

ભારત – જયતુ જય હિન્દ

### મોડાસામાં કોવીડ હોસ્પિટલમાં ૭૫ વર્ષીય શંકાસ્પદ કોરોના દર્દીનું મોત

# ૭૫ વર્ષીય મહિલા દર્દી માલપુર બગીચા વિસ્તારના આરોગ્ય તંત્રએ અંતિમવિધિમાં તકેદારી રાખી

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્યમાં કોરોના વાયરસથી સંક્રમિતોની સંખ્યા વધીને ૩૦૮ થઇ ગઇ છે. કોરોના ૧૯ લોકોને ભરખી ગયો છે અરવલ્લીમાં ૩૦ કોરોના ના શંકાસ્પદ લક્ષણો દેખાતા દર્દીઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા.તમામ દર્દીઓ ના કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે અરવલ્લી જીલ્લામાં મોડાસા સાર્વજનિક હોસ્પિટલને કોવીડ હોસ્પિટલ જાહેર કરવામાં આવી છે કોવીડ હોસ્પિટલમાં માલપુરના બગીચા વિસ્તારમાં રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધાને ન્યુમોનિયાની સારવાર દરમિયાન કોરોનના શંકાસ્પદ લક્ષણો જણાતા દર્દીના સેમ્પલ પરીક્ષણ માટે મોકલાયા છે ત્યારે રિપોર્ટ આવેલ તે પહેલા શંકાસ્પદ કોરોનના લક્ષણો ધરાવતા દર્દીનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી આરોગ્ય વિભાગે તકેદારીના ભાગરૂપે કોવીડ હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા મોડાસા સ્મશાન ગૃહમાં અંતિમવિધિ કરવાની તૈયારીઓ હાથધરી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઇ હતી આરોગ્ય વિભાગે માલપુર બગીચા વિસ્તારમાં સૅનેટાઈઝિંગ ની કામગીરી હાથધરી હતી

સાબરકાંઠામાં કોરોના વાઈરસે દસ્તક દેતા આરોગ્ય કર્મચારીને કોરોના પોઝેટીવ આવતા અરવલ્લી જીલ્લામાં વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર, આરોગ્ય વિભાગ અને પોલીસતંત્ર કોરોનાના સંક્રમણને રોકવા માટે



ખડેપગે કામગીરી કરી રહ્યું છે હજુ સુધી જીલ્લામાં એકપણ દર્દી કોરોના પોઝેટીવ દર્દી નથી એ તંત્ર અને જિલ્લાવાસીઓ માટે રાહતનો શ્વાસ છે ત્યારે શંકાસ્પદ કોરોનાના લક્ષણો ધરાવતા ૭૫ વર્ષીય મહિલાનું મોત નિપજતા લોકોમાં ભય ફેલાયો છે

માલપુરના બગીચા વિસ્તારમાં રહેતા ૭૫ વર્ષીય મહિલાને તાવ-શરદી, ખાંસી અને તાવના લક્ષણો જણાતા મોડાસા શહેરની કોવીડ (સાર્વજનિક) હોસ્પિટલમાં સારવાર ચાલતી હોવાછતાં દર્દીની તબિયતમાં સુધારો ન જણાતા આરોગ્ય તંત્રે શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા મહિલા દર્દીના સેમ્પલ લીધા હતા અને સેમ્પલ લીધાના ગણતરીના કલાકોમાં દર્દીનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી આરોગ્ય વિભાગે મૃતકનો કોરોનાનો રિપોર્ટ બાકી હોવાથી મોડાસા સ્મશાન ગૃહમાં મૃતકની અંતિમવિધિ કરવાનો નિર્ણય લઈ સરકારની ગાઈડલાઈન મુજબ અંતિમવિધિ કરવામાં આવતા લોકોમાં ભય સાથે ફફડાટ ફેલાયો છે મૃતકના પરિવારજનોનું પણ સ્ક્રીનિંગની કામગીરી સાથે માલપુરના બગીચા વિસ્તારમાં સૅનેટાઈઝિંગ ની કામગીરી હાથધરી છે

શંકાસ્પદ કોરોનાના લક્ષણો ધરાવતા ૭૫ વર્ષીય માલપુરના વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત નિપજતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી છે જયારે માલપુર નગર સહીત જીલ્લાના લોકો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે વહીવટી તંત્ર, આરોગ્ય વિભાગ અને લોકોની નજર હવે ૭૫ વર્ષીય મહિલાના કોરોનાના રિપોર્ટ પર લાગી છે

### મોડાસામાં કોન્ટ્રાક્ટરની જન્મદિવસની અનોખી ઉજવણી

# કોરોના સામે જંગ લડવા મુખ્યમંત્રી રાહત ફંડમાં ૧૧ હજારનો ચેક અર્પણ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા



કોરોના નામની મહામારીએ સમગ્ર વિશ્વમા હાહાકાર મચાવી દીધેલ છે જેની સામે ભારત દેશને બચાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ દિવસ માટે સમગ્ર દેશને લોકડાઉન કરેલ છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સહકારી સંસ્થાઓ, ટ્રસ્ટો તથા વ્યક્તિગત રીતે દેશ-દુનિયાના લોકો કોરોના વાયરસ ની સામે લોકોને મદદરૂપ થવા માટે ખુલ્લા મને મદદ કરી રહ્યા છે ત્યારે મોડાસા શહેરમાં સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલ કોન્ટ્રાકટર વિનોદ પટેલે જન્મદિવસે મુખ્યમંત્રી રાહતફંડમાં ૧૧ હજારનો ચેક જમા કરાવી અનોખી ઉજવણી કરી હતી

મોડાસા શહેરમાં સેવાકીય અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા વિનોદ.આર પટેલે કોરોના મહામારી વચ્ચે જન્મદિવસની અનોખી ઉજવણી કરવાનો નિર્ણય કરી અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા અને આરોગ્ય અધિકારી ડૉ.અમરનાથ વર્માને કોરોના સામે જંગ લડી રહેલ રાજ્યસરકારના મુખ્યમંત્રી રાહત ફંડમાં ૧૧ હજાર રૂપિયાનો ચેક જમા કરાવ્યો હતો જન્મદિવસની ઉજવણીની અનોખી પહેલને સેવાભાવી અને જીવદયા પ્રેમી નિલેશ જોશી ઉપસ્થિત રહી આવકારી હતી

## વિકીરાજ પંડ્યા (ડાન્સ કોરિયોગ્રાફર અને શિક્ષક)




હાલની પરિસ્થિતીને ધ્યાનમાં લેતાં લોકડાઉનનો સમય વધારવો જોઈએ. હા, કદાચ ભારતને આર્થિક સમસ્યાની અસરનો સામનો કરવો પડે પરંતુ સ્વાસ્થ્ય આ દરેક કરતાં વધુ મહત્વનું છે. લોકોના ધંધા-રોજગાર પર માઠી અસર પડી રહી છે. અમારા મનોરંજનના વિભાગમાં બાળકોમાં સુષુપ્ત શક્તિ જળવાઈ રહે તે માટે ભારતીય ડાન્સ એન્ડ મ્યુઝીક એસો. ના જનરલ સેકે. તરીકે મે ઓનલાઈન ડાન્સ માટેના ક્લાસ શરૂ કરેલ છે. તેમજ શિક્ષણ પણ ખોરવાઈ ન જાય તે મારા મોટાભાઇ શ્રી ઉર્વીશકુમાર પંડ્યાની સાથે મળીને વિદ્યાર્થીઓને ડીજિટલ પ્લેટફોર્મ આપવા માટે ઓનલાઈન શિક્ષણ પણ સોશિયલ મિડિયા થકી શરૂ કરેલ છે. પરંતુ હું એટલું જ કહીશ આ સમયમાં ભારત સરકાર જે તે પગલાં લે તે દરેકના હિત માટે છે. દરેકે ગરમ પાણીનુ સેવાન કરવું, બહાર જવાનું ટાળવુ ઘરે રહો સ્વસ્થ રહો. જય હિન્દ જય ભારત. અસ્તુ સદા શિવોહમ.....

# મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સેનિટાઇઝેશન ચેમ્બર નિઃશુલ્ક આપતી વિનાયક ગેસ કોર્પોરેશન

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસને લઇને મોડાસાની સાર્વજનિક હૉસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે જેમાં શંકાસ્પદ કોરોનાના દર્દીઓને સારવાર આપવામાં આવતી હોવાની સાથે શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ પણ લેવામાં આવી રહ્યા છે .સાર્વજનિક હોસ્પિટલમાં મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર અર્થે પહોંચતા હોવાથી હોસ્પિટલમાં ફરજબજાવતા આરોગ્ય કર્મીઓ અને હોસ્પિટલ સ્ટાફ અને સારવાર માટે આવતા દર્દીઓમાં કોરોનાનું સંક્રમણ પ્રસરે નહિ તેવા ઉમદા હેતુ થી શહેરની વિનાયક




ગેસ એજન્સીના માલિક અમરીશ અને ધનંજય ભાટિયા તરફથી હૉસ્પિટલમાં સેનિટાઈઝેશન ચેમ્બર ભેટ કરવામાં આવતા દર્દીઓ અને આરોગ્ય કર્મચારીઓમાં આનંદ છવાયો હતો સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે પહોંચતા દર્દીઓ અને તેમના સગા-સંબંધી અને હોસ્પિટલ સ્ટાફે હવે સેનિટાઇઝ ચેમ્બર માંથી પસાર થશે જેથી કૉરોનાના ચેપનો ફલાવો થતો અટકાવી શકાય.

### ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજ અરવલ્લી જીલ્લા ઘટક મોડાસા દ્વારા

# સમાજના જરૂરિયાત મંદ ૧૬૦ પરિવારને કરિયાણા કીટ વિતરણ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા



સમગ્ર વિશ્વમાં હાલ કોરોના વાયરસ નામની ગંભીર બીમારી મા થી પસાર થઈ રહ્યો છે. ભારત દેશ મા સરકાર દ્વારા ૨૧ દિવસ નું લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું છે ત્યારે ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજ અરવલ્લી જિલ્લા ઘટક મોડાસા દ્વારા સમાજ ના જરૂરીયાત મંદ લોકો જેવા કે વિધવા બહેનો ગોરપદુ કરી જીવન નિર્વાહ ચલાવતા ગુરુ બ્રાહ્મણ સમાજ ના અરવલ્લી જીલ્લાના માલપુર, મેઘરજ, ભિલોડા, મોડાસા તથા ધનસુરા તાલુકામાં વસવાટ કરતા ૩૮ જેટલા ગ્રામ્ય વિસ્તારોમાં ૧૬૦ થી વધુ પરિવારોને જીવનજરૂરિયાત ચીજ વસ્તુઓની કીટ ઘરે ઘરે પહોંચાડવાનું ભગીરથ કાર્ય ઘટક ના પ્રમુખ મહેન્દ્રભાઈ પંડ્યા (માલપુર) ઉપપ્રમુખ જગદીશભાઈ પંડ્યા (પરિવર્તન ટ્રસ્ટ મેઘરજ ) તથા મહામંત્રી ગિરધરભાઈ સી. પંડ્યા (સરડોઇ )અને સમગ્ર ટીમે કર્યું હતું દરેક ગામોમા કોરોના વાઇરસ વિશે અને સોશિયલ ડિસ્ટર્બસ -ફરજિયાત માસ્ક પહેરવા વગેરે જન જાગૃતિ સંદેશ આપ્યો હતો

# ગુજરાતમાં કોરોના વાયરસ સામે લડત માટે ગ્રેનસ એપ તૈયાર

વિશ્વમાં સૌપ્રથમ વખત સેફ્ટી અને ઈમરજન્સી વ્યવસ્થા મજબૂત કરવામાં મિશન સાથે DGBSI-RTPP/SR ટેક્નોલોજી દ્વારા ડેવલપ થયેલ ગ્રેનસ સોસીયલ ઇન્ટિગ્રેશન એપ હવે કોરોના સામે લડવા માટે પણ તૈયાર. ગ્રેનસ એક આધુનિક જીઓ-લોકેશન દ્વારા તૈયાર થયેલ એપ છે અને આ એપથી લોકેશન બેઝડ ટાર્ગેટીગ થઇ શકશે અને જે તે સંવેદનશીલ વિસ્તારમાં રહેતા લોકોને જ તે વિસ્તાર સંબંધિત માહિતી મોકલી શકાશે. આ ઉપરાંત જો કોઈ નાગરિકને પોતે જ ચેપ ગ્રસ્ત હોવાનું જણાય તો એક ક્લિક થી પોતાના જીઓ લોકેશન સાથે સરકારી વિભાગમાં જાણ કરી શકશે અને તે સાથે જ જે તે નાગરિકની ડિજિટલ ફુટ પ્રિન્ટ તૈયાર થઇ જશે કે જેથી ફાસ્ટ રિસ્પોન્સ આપી શકાય. ડિજિટલ ફૂટપ્રિન્ટ દ્વારા જે તે દર્દી કયા રૂટ થી પસાર થયા છે એની માહિતી પણ મળશે કે જેથી એ રુઠનું પણ મોનીટરીંગ કરી શકાય.

આ ઉપરાંત કોઈ પણ નાગરિકને પોતાના વિસ્તારમાં રહેતા અન્ય શંકાસ્પદ દર્દી અંગે પણ તે દર્દી કયા લોકેશન પોઇન્ટ પર છે તે સાથે જાણ કરી શકશે કે જેથી ત્વરિત તે દર્દીને આઈસોલેટ કરી શકાય અને વધુ ઇન્ફેક્શન રોકી શકાય. ગ્રેનસ એપ ના ફાઉન્ડર અને સીઈઓ મયંક શાહ ના જણાવ્યા પ્રમાણે જયારે રાજ્યને જરૂરત પડશે તેના ૪ થી ૮ કલાક માં ગ્રેનસ એપ માં આ ફીચર લાઈવ થઇ જશે. આ એપ દ્વાર લોકેશન બેઝડ ડેટા પણ કલેક્ટ કરી શકાશે કે જેનું એનાલિસિસ કરી અને વધુ માહિતી મેળવી શકાય અને કોરોના ફેલાવા પર અંકુશ રાખી શકાય. આ બાબતે કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારને પણ લેટર મોકલી જરૂર પડે ત્યારે ગ્રેનસ સહકાર માટે તૈયાર હોવાનું પણ જણાવેલ છે. હાલ આ એપ GRANNUS નામથી પ્લે સ્ટોર પર ઉપલબ્ધ છે અને કોઈ પણ નાગરિક આ એપ સાથે નેશનલ ઈમર્જન્સી ગ્રુપમાં વોલ્યુન્ટિયર તરીકે જોડાઈ શકે છે.



અરવલ્લી જિલ્લાના સહકારી અગ્રણી,સાબરડેરીના ડિરેકટર, મોડાસા વિધાનસભાના ગત ચૂંટણીના ઉમેદવાર ભીખુસિંહ ચતુરસિંહ પરમારે કોરાના વાયરસ સામેના જંગમાં મદદરૂપ થવા મુખ્યમંત્રી રાહતનિધિમાં રૂ.૧૧૦૦૦નો ચેક નિવાસી કલેક્ટર વલવીને અર્પણ કર્યો હતો.



रामायण में ससुग्रीव की भूमिका निभाने वाले किरदार ?शयाम लाल जी का निधनं सोमवार 6.04.2020 को पंचकूला के नजदीक कालका में हो गया। रामायण में 1 या जानदार किरदार निभाया है, आपको कोटी कोटी नमन ध्यान देने योगय बात यह है की जिस दिन यानि सोमवार को उनका राजयभिषेक होना था उसी दिन वो। श्री चरणों में लीन हो गए प्रभू श्रीराम ने उन्हें इसी दिन बुला लिया रामायण दुबारा शुरू होनी थी उन्होने देखनी थी।जय श्री राम

ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પારિવારિક ઊર્મિ ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે અમારા સહયોગીઓ દ્વારા રોજ ૨૫૦ થી ૨૭૫ ફૂડ પેકેટ તેમજ કરિયાણા ની કીટ નું જરૂરિયાતમંદ લોકો માં વિતરણ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવે છે.આ પ્રવૃત્તિ છેલ્લા ચાર દિવસ થી અવિરત ચલી રહી છે.આપ પણ આપનો સહયોગ એક કીટ ના ૭૦૦ રૂપિયા કે ૯૦૦ રૂપિયા.નાની મોટી કીટ પ્રમાણે અમારા અખબાર ના મેમનગર.વાસણા.શાહપુર હલીમ ની ખડકી.ગોઝારીયા પોળ કકે ગાંધીનગર મુખ્ય કાર્યાલય ખાતે સંપર્ક કરીને કરી શકો છે.

તંત્રી : પ્રદીપ રાવલ.(૯૮૨૪૬૫૩૦૭૩)

સહતંત્રી નિલેશ રાવલ.અમદાવાદ

(૯૮૨૫૩૬૨૭૫૮)(૯૮૨૪૦૯૬૨૫૦ બકુલ રાવલ)

## જનસેવા એજ પ્રભસેવા



માનવ સેવા એજ પ્રભુ સેવાના ભાવાર્થે સમગ્ર ગાંધીનગર શહેર અને જીલ્લા પોલીસ તેમજ શ્રમિકો અને ઝૂંપડપટ્ટીમાં રહેતા પરીવારજનોને ‘‘પૌંવા બટાકા’’ નું વિતરણ કરવામાં આવ્યું.ચતસ્વીર મુકવાનો આશય માત્ર ને?? માત્ર સંવેદના પૂર્ણ વાતાવરણ નિર્માણ કરવાનો? છે.

નિરવ દવે સભ્ય - ફુડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા, ભારત સરકાર.

પ્રદિપ બાબુભાઈ જેબલીયા

### લોકડાઉનના લીધે ઔદ્યોગિક વિસ્તારમાં છૂટક મજૂરી કરતા

# મજૂરોની હાલત સૌથી કફોડી હશે એવું માનતા મુકેશભાઈએ આ ગરીબ મજૂરોને જમાડવાનું નક્કી કર્યું

સુરતના વરાછા વિસ્તારમાં યોગી ચોક પાસે રહેતા મુકેશભાઇ જોશી, મેડિકલના વ્યવસાય સાથે સંકળાયેલા મધ્યમ પરિવારના માણસ છે. વડાપ્રધાનશ્રીએ લોકડાઉન જાહેર કર્યું ત્યારે જ મુકેશભાઇ અને તેમના ધર્મપત્ની ભાવનાબેને એક સંકલ્પ કર્યો કે દેશ પર આફત આવી પડી છે ત્યારે આપણાથી જે સેવા થઈ શકે તે સેવા આપણે કરવી છે અને રાષ્ટ્રઋણ અદા કરવું છે.

લોકડાઉનના લીધે ઔદ્યોગિક વિસ્તારમાં છૂટક મજૂરી કરતા મજૂરોની હાલત સૌથી કફોડી હશે એવું માનતા મુકેશભાઈએ આ ગરીબ મજૂરોને જમાડવાનું નક્કી



કર્યું. સરકાર તો એની રીતે પ્રયાસ કરે જ છે પણ સરકાર કેટલીક જગ્યાએ પહોંચે એટલે આપણાથી જેટલું થાય એટલું આપણે કરવું એવું નક્કી કરીને એમની પોતાની અંગત બચતમાંથી તા.૨૫મી માર્ચથી જ પોતાના ઘરે ભોજન બનાવવાનું ચાલુ કર્યું.ભોજન તૈયાર કરવામાં પરિવારના જ બધા સભ્યો સવારથી લાગી જાય અને રોજ સાંજે લગભગ ૭૦૦થી વધુ માણસોનું ભોજન તૈયાર કરે. ભોજન તૈયાર થાય એટલે સ્વયંસેવકો આવીને લઇ જાય અને ઔદ્યોગિક વિસ્તારમાં રહેતા મજૂરો સુધી પહોંચાડી દે. ભોજન તૈયાર કરવામાં જે ખર્ચ થાય એ બધો જ ખર્ચ મુકેશભાઈનો પરિવાર જ ભોગવે છે. મુકેશભાઇ કંઈ કરોડપતિ માણસ નથી (મકાન પરથી પણ એની પરિસ્થિતિનો ખ્યાલ આવે) પણ માણસ તરીકેની આપણી ઓળખાણ અત્યારે નહીં આપીએ તો ક્યારે આપીશું એવા વિચારે એમણે આ સેવાકાર્ય શરૂ કરવા પ્રેરિત કર્યા.

લોકડાઉનનો આજે ૧૫મો દિવસ છે. ૧૫ દિવસથી મધ્યમ પરિવારનો આ દરિયાદીલ માણસ રોજના ૭૦૦ માણસોનું સાંજનું ભોજન બનાવીને ભૂખ્યા લોકોનો જઠરાગ્નિ ઠારવાનું પુણ્યકાર્ય કરે છે.

મુકેશભાઇ જેવા કેટલાય માણસો અને સંસ્થાઓ ભારતીય સંસ્કૃતિનો સાચો પરિચય છે.વંદન આવા વિરલાઓને......

મન મેં હે વિશ્વાસ,પુરા હૈ વિશ્વાસ,હમ હોંગે કામિયાબ એક દિન.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.